સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
જુલાઈ, ૨૦૨૨



ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત
વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના
પ્રખર ઉદ્‌ઘોષક બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને
અપાઈ ગૌરવપૂર્ણ ભાવાંજલિ...

મહુવાની ધરતી પર પ્રતિષ્ઠિત થયું કલામંડિત

## ભગતજી મહારાજ સ્મૃતિ મંદિર







## બી.એ.પી.એસ. મંદિરોમાં વિશ્વસ્તરે ઊજવાયો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

૧૪ વર્ષની કિશોર વયે અષ્ટાંગ યોગ સિદ્ધ કરીને વિશ્વને મહાન યોગીનું અજોડ ઉદાહરણ પૂરું પાડનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્મૃતિ સાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા દેશ-વિદેશમાં ઠેર ઠેર યોગનાં નિદર્શનો યોજાય છે. અમદાવાદમાં મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં યોગ દિન ઊજવાયો તેની સાથે દિલ્હી અને ગાંધીનગર ખાતેના અક્ષરધામથી લઈને વિશ્વભરનાં બી.એ.પી.એસ. મંદિરોમાં ભક્તો-ભાવિકોએ યોગ દ્વારા તન-મન-આત્માના સ્વાસ્થ્યની સંભાવના કરી હતી. તેની કેટલીક સ્મૃતિ છબિઓ...






**શતાબ્દી પ્રકાશમાળા**
**સંપાદકીય**

# વંદે ગુરુપરંપરામ્

સનાતન હિન્દુ ધર્મની આધ્યાત્મિક પરંપરા હજારો વર્ષોથી અનેકવિધ વિદેશી ધર્માંધ આક્રમણો અને શાસનો વચ્ચે આજપર્યંત જીવંત રહી છે. તેના મૂળમાં હજારો વર્ષોથી ચાલી આવતી મહાન ગુરુ-શિષ્ય પરંપરા છે. વૈદિક સમયના યાજ્ઞવલ્ક્ય અને ઉદ્દાલક જેવા મહાન ગુરુઓથી લઈને ભારતે વર્તમાન સમયમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સુધી અનેક મહાન ગુરુઓની ભેટ વિશ્વને આપી છે. ગુરુ-શિષ્ય પરંપરાની એ જ્યોતિને ગૌરવાન્વિત કરનાર એક વિરલ જોડી એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ એટલે કે પ્રાગજી ભક્ત.

સમાજમાં એક એવી માન્યતા ઘર કરી ગઈ હતી કે આધ્યાત્મિકતાની સર્વોચ્ચ બ્રહ્મવિદ્યા સામાન્ય માનવી કદી પામી ન શકે. ઉચ્ચ કુળનો, ઉચ્ચ વિદ્વાન સંત જ બ્રાહ્મીસ્થિતિ જીવતે જીવત પ્રાપ્ત કરી શકે. પરંતુ ભગતજી મહારાજના ઉદાહરણે તેને અસત્ય ઠેરવી દીધી. એ સમયે ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી તેમ ભગતજીએ પોતાના દેહને વાળ્યો, સ્વામીની મરજી જાણીને તેમણે ૨૩-૨૩ કલાક સેવા કરી. નિમ્ન ગણાતા કુળમાં તેમનો જન્મ થયો હતો. વળી આર્થિક અને સંસ્કૃત ગ્રંથોના વિદ્વત્તાની દૃષ્ટિએ પણ એમનું નામ છેલ્લી પંક્તિમાં મૂકી શકાય. પરંતુ સમર્થ ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને મન-કર્મ-વચને સેવીને તેમણે ગુરુકૃપાથી બ્રાહ્મીસ્થિતિ સિદ્ધ કરી લીધી. અંતે ગુરુ સ્વયં બોલી ઊઠ્યાઃ 'આ પ્રાગજીએ મને વશ કરી લીધો છે... આ તો થોરે કેળાં આવ્યાં છે... આ તો હાથ છૂટી બલા થઈ ગઈ છે...'

ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મહિમાના વિસ્તાર માટે એક શિષ્ય તરીકે ભગતજીને ઝેર ખાવાનો વારો આવ્યો ત્યારે પણ અચકાટ થયો નહોતો. આવા મહાન શિષ્ય મહાન ગુરુ બની શકે છે. પ્રકાંડ વિદ્વાન અને પ્રખર તેજસ્વી પ્રતિભા ધરાવતા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુ તરીકે બિરાજમાન થયેલા ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજ દ્વારા ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનની જે જ્યોત પ્રગટાવી હતી તે આજપર્યંત એ જ ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા ઝળહળી રહી છે. શાસ્ત્રીજી મહારાજના અનુગામી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ સહિતની ગુરુપરંપરા વિશ્વને ભારતીય અધ્યાત્મનું અનોખું દર્શન કરાવતી રહી છે. ગુરુપૂર્ણિમાએ આ મહાન ગુરુપરંપરાને વંદના સાથે આ અંકમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના તીરોધાન સ્થાન પર રચાયેલ સ્મૃતિમંદિરના અહેવાલને માણીએ...




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

## સ્વામિનારાયણ પ્રકાશ

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૭, જુલાઈ, ૨૦૨૨**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**





### તીર્થભૂમિ મહુવામાં વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયું

# ભગતજી મહારાજ સ્મૃતિમંદિર





“

**સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા મહુવામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને અંજલિ અર્પતું સ્મૃતિમંદિર અનેક ભક્તોના મનોરથ પૂર્ણ કરનારું અભિનવ તીર્થ બની રહેશે.**

”

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને અનંત જીવોનાં કલ્યાણનો એક મહાયજ્ઞ આદર્યો હતો. એ મહાયજ્ઞને આ વસુંધરા પર સતત પ્રજ્જ્વલિત રાખવાનું મહાન કાર્ય એમની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાએ આજપર્યંત ગતિમાન રાખ્યું છે.

એ પરંપરામાં બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત અર્થાત્ ભગતજી મહારાજનું નામ વિશ્વના ઈતિહાસમાં સદા આદર્શ સાધકની પ્રેરણા આપતું રહેશે.

બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજે વિક્રમ સંવત ૧૮૮૫માં, ફાગણ સુદ પૂનમે, તા. ૨૦-૩-૧૮૨૯ના રોજ સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા રમણીય નગર મહુવામાં જન્મ ધર્યો ત્યારથી માંડીને જીવનની છેલ્લી પળ સુધી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય મહિમાનાં અજવાળાં પ્રસરાવતા રહ્યા. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી સર્વોચ્ચ બ્રાહ્મી સ્થિતિ સિદ્ધ કરનાર ભગતજી મહારાજે વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. મહુવાની ધરતી ભગતજી મહારાજના દિવ્ય સંબંધ અને પ્રતાપથી તીર્થ ભૂમિ બની ગઈ છે. ૬૮ વર્ષનું તપસ્યામય જીવન જીવીને, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

દ્વારા પોતાનું આધ્યાત્મિક કાર્ય વહેતું રાખીને સન ૧૮૯૭માં તેઓએ આ જ નગરમાં દેહલીલા સંકેલી હતી.

તા. ૭-૧૧-૧૮૯૭ના રોજ તેઓએ અંતર્ધાનલીલા કરી ત્યારે તેમના મહાન શિષ્ય કોઠારી જેઠા ભગત (સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામી) અને કોઠારી પ્રભુદાસ ઉપસ્થિત હતા. તેમણે માલણ નદીના કાંઠે, ભગતજીના સ્નેહી મિત્ર ફૂલચંદ ખીમજીએ પોતાની વાડીની ભૂમિમાંથી આપેલા એક ખૂણામાં અંતિમ સંસ્કાર કર્યો ત્યારે ફૂલચંદ શેઠે ભાવના વ્યક્ત કરી હતી કે, 'આપણે ભગતજી મહારાજની અંતિમ વિધિ એવી જગ્યાએ કરીએ કે ભવિષ્યમાં એ સ્થાન સચવાઈ રહે.'

અને એમ જ બન્યું. એ સ્થાન આજપર્યંત સચવાઈ રહ્યું છે, અને અનેક ભક્તો માટે દર્શનીય તીર્થસ્થાન બની ગયું છે.

સન ૧૯૨૦માં ભગતજી મહારાજના આધ્યાત્મિક અનુગામી શાસ્ત્રીજી મહારાજે મહુવામાં આ સ્થાનનાં દર્શન કરતાં બાજુના બગીચાવાળાને કહ્યું હતું: 'અહીં તો ભવિષ્યમાં મોટું ધામ થશે. તમારા આ બગીચામાંથી જમીન આપવી પડશે તો આપશો ને?' ત્યારે તેમણે હા પાડીને શાસ્ત્રીજી મહારાજનો રાજીપો લઈ લીધો હતો.

સન ૧૯૫૧માં શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન બાદ મહુવા પધારેલા યોગીજી મહારાજ ભગતજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને માલણ નદીના કિનારે ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થળે પધાર્યા ત્યારે ભાવવિભોર બની ગયા હતા. દંડવત્‌પ્રણામ અને ધૂન કરી તેમણે આ સ્થાને સુંદર છત્રી બનાવી ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદ પધરાવવાનો શુભ સંકલ્પ કર્યો હતો.


સન ૧૯૫૬માં યોગીજી મહારાજે મહુવામાં ત્રણ દિવસ રોકાઈને દિવ્ય લાભ આપ્યો ત્યારે એકવાર કથાપ્રસંગમાં તેમણે ઉચ્ચાર્યું હતું: 'મહુવામાં આગળ જતાં મોટું તીર્થ થશે, અહીં મોટો સમૈયો થશે, ચરણારવિંદ પધરાવાશે.'

તેઓની પ્રેરણાથી માલણ નદીના કાંઠે ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થાનના વિકાસ માટે વધુ જગ્યા મેળવવા માટે અરજી કરવામાં આવી હતી, તે નામંજૂર થઈ હતી. ભગવાનજીભાઈ (ભગતજી મહારાજના ભત્રીજા નારણભાઈના પુત્ર), નાગરદાસ વકીલ, મોહનભાઈ મહેતા તથા પોપટલાલ દાણી વગેરે ભક્તોએ આ જગ્યા સંસ્થાને મળે તે માટે અથાગ પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેમાં સફળતા મળી નહીં. આથી ભાવનગરના કલેક્ટર પાસે ફરી અરજી કરી. એ વખતે ભાવનગરમાં કલેક્ટર તરીકે શ્રી જોબનપુત્રા સાહેબ નિયુક્ત થયા. તેમને યોગીજી મહારાજ પ્રત્યે ખૂબ આદર-પ્રેમ હતો, તેથી આ કાર્યમાં તેમણે સહયોગ આપ્યો અને ભૂમિ સંપાદિત થઈ ગઈ.

યોગીજી મહારાજના આશીર્વાદથી સન ૧૯૫૩માં ભાદરવા સુદ પૂર્ણિમાના દિવસે ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થાને સુંદર દેરી બાંધવાનું ખાતમુહૂર્ત ભક્તરાજ ઈશ્વરભાઈ પ્રભુદાસના હસ્તે થયું અને વિક્રમ સંવત ૨૦૧૩ના જેઠ સુદ ૫, તા. ૩-૬-૧૯૫૭ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પુનિત હસ્તે ચરણારવિંદની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા બાદ અહીં યોજાયેલી સભામાં સુંદર પ્રવચનો થયાં. શાસ્ત્રીજી મહારાજે ૪૦ વર્ષ પહેલાં મનસુખભાઈ મિસ્ત્રી ઉપર લખેલો પત્ર પુરુષોત્તમદાસ મિસ્ત્રી લાવેલા, તેનું પણ પઠન થયું. તેમાં આ સ્થાને કાયમી સ્મારક રચવા શાસ્ત્રીજી મહારાજે રૂપિયા ૩,૦૦૦ મંગાવ્યા હતા, તે વિગત હતી. મોટાસ્વામીએ તે વાત વિસ્તારથી કરી. આમ, શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અનુસાર ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થાને નાનું સ્મારક બની ગયું અને ગામમાં 'પ્રાગા પ્રભુ' નામે ઓળખાતા ભગતજી મહારાજનો ફરી એક વાર જયજયકાર થઈ ગયો, તેનો સૌને અપાર આનંદ થયો.

ભગતજી મહારાજના પ્રાગટ્ય તીર્થ અને દેહોત્સર્ગ સ્થાનના વિકાસ માટે યોગીજી મહારાજના તો હજુ અનેક મહાન સંકલ્પો હતા. તા. ૯-૪-૧૯૬૨ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થાને રચાયેલા નાના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરીને આશીર્વાદ ઉચ્ચારતાં કહ્યું હતું, 'ભગતજીનું આ સ્થાન તો અક્ષરધામતુલ્ય સ્થાન છે'. ત્યારે મહુવાના વયોવૃદ્ધ નગરશેઠ હરિલાલભાઈએ યોગીજી મહારાજને કહ્યું હતું : 'પ્રાગા પ્રભુનું નામ અત્યારની પેઢીને ખબર ન હતી તે તમે ફરીથી ગુંજતું કરી દીધું. અમારા વખતમાં તેને બધા પ્રાગા પ્રભુ તરીકે ઓળખતા. પ્રાગજી ભક્તના મુખ ઉપર જેવું હાસ્ય રહેતું તેવું આજે તમારા ચહેરા પર જોવા મળ્યું.'

યોગીજી મહારાજના ધામગમન બાદ સન ૧૯૭૧થી ૨૦૧૧ દરમ્યાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૩૨ વખત મહુવા પધારીને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના આ પ્રાસાદિક તીર્થના મહિમાને ખૂબ વિસ્તાર્યો. આ દરમ્યાન કેટલાક સીમાચિહ્‌ન સમા અવસરો ઊજવાયા. જેમાંનો એક નોંધનીય અવસર એટલે ભગતજી મહારાજનો સાર્ધ શતાબ્દી મહોત્સવ. તા. ૧૦ થી ૧૩ માર્ચ, ૧૯૭૯માં મહુવા ખાતે પ્રમુખસ્વામી મહારાજે ભગતજી મહારાજના સાર્ધ શતાબ્દી મહોત્સવની ત્રણ દિવસ ભવ્ય ઉજવણી કરીને તેમને

ભગતજી મહારાજના પરમ શિષ્ય બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અથાગ પુરુષાર્થના પ્રતાપે ભગતજીના પ્રાગટ્ય સ્થાન અને દેહોત્સર્ગ સ્થાન આજે મહાન તીર્થ બની ગયાં છે.

ભાવાંજલિ અર્પી હતી. તેઓના અથાગ પુરુષાર્થથી મહુવામાં ભગતજી મહારાજના જન્મસ્થાનનો વિકાસ થયો અને સાથે સાથે વિશાળ ભૂમિ પર કલાત્મક ભવ્ય શિખરબદ્ધ મંદિર પણ રચાયું, જેમાં સન ૨૦૧૪માં સ્વર્ણિમ સિંહાસનમાં ભગતજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી તેઓએ એક ઈતિહાસ રચી દીધો.

ભગતજી મહારાજના દેહોત્સર્ગ સ્થાનના વિકાસ માટેના ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના સંકલ્પને સાકાર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજે અહીં પથ્થરનું કલાત્મક સ્મૃતિમંદિર રચવાનો નિર્ણય કર્યો. જો કે એવા સુંદર મંદિર માટે વિશેષ ભૂમિની આવશ્યકતા હતી. વિશેષ ભૂમિ મેળવવાનું કાર્ય ઘણું કઠિન હતું, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી અસંભવ કાર્ય સંભવિત બન્યું. ક્યારેક અકલ્પનીય ચમત્કારોની અનુભૂતિ થઈ. શ્રી બિપીનભાઈ સંઘવી જેવા સ્થાનિક હરિભક્તો એ ચમત્કારિક પ્રસંગોના સાક્ષી રહ્યા છે.

સ્મૃતિમંદિરની શોભા વિશેષ નીખરી ઊઠે તે માટે સ્મૃતિમંદિરની પાછળ થોડી જમીનની જરૂર હતી. એ જમીનના માલિક હતા - શ્રી હરિભાઈ કેશવભાઈ સેંતા. ખેડૂતને જમીન ખૂબ વહાલી હોય, જમીનનો એક ટુકડો આપવો પણ કઠણ પડે. પણ તેમણે તે સમયમાં યોગ્ય ભાવમાં જમીન બી.એ.પી.એસ. સંસ્થાને આપી. ત્યારપછી સ્મૃતિમંદિર આકાર પામ્યું. મંદિરનિર્માણમાં ભક્તોનું સમર્પણ અને ત્રિ-દિવસીય ઉત્સવમાં પધારેલા સંતો-હરિભક્તોનાં દર્શનથી તેમને અંતરમાં ભાવ થયો કે, 'મેં ભલે આ જમીનની કિંમત લીધી પણ હવે એ જમીનનું દાન કરવું છે.' માટે જે કિંમત લીધી હતી એટલી રકમનો ચેક શ્રી હરિભાઈ અને તેમના પુત્રો - તિલક અને હીરેને ઠાકોરજીનાં ચરણોમાં સમર્પિત કર્યો.

આવા અનેક અનુભવો સાથે પાંચ એકર ભૂમિ સંપાદિત કરવામાં આવી. આ ભૂમિના સંપાદન કાર્યમાં પૂજ્ય અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય ભક્તિતનયદાસ સ્વામી, શ્રી બિપીનભાઈ સંઘવી વગેરેએ ખૂબ સેવાઓ કરી.

સન ૨૦૧૩માં ભૂમિ સંપાદિત થયા બાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ સ્મૃતિમંદિરનો પ્રાથમિક સ્કેચ દોરી કહ્યું કે આવું આપણે કંઈક કરવું છે. તેઓના માર્ગદર્શન મુજબ નિષ્ણાતો દ્વારા નકશા તૈયાર થયા. સન ૨૦૧૫માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે મંદિરની શિલાઓનો પૂજન વિધિ કર્યો. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે સન ૨૦૧૫માં સ્મૃતિમંદિરનો શિલાન્યાસ સંપન્ન થયો. પૂજ્ય અક્ષયમુનિદાસ સ્વામી, પૂજ્ય નિર્મલમુનિદાસ સ્વામી અને સંજયભાઈ પરીખે નકશાઓ મુજબ મંદિર નિર્માણકાર્ય શરૂ કરાવ્યું. મંદિરના સ્થપતિ તરીકે શ્રી ચેતનભાઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદીનું પણ યોગદાન પ્રાપ્ત થતું રહ્યું. કોઠારી વિનમ્રયોગીદાસ સ્વામી અને મહુવાના સંતમંડળે પણ આ મંદિરના નિર્માણમાં સેવાઓનો લહાવો લીધો.

૧૦ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મહુવા પધાર્યા ત્યારે સ્મૃતિમંદિરના આમલસારાના પથ્થરનું પૂજન કર્યું. આમ, સૌ સંતો-ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી બંસીપહાડપુરના ગુલાબી પથ્થરમાંથી નાગરાદિ શૈલીમાં સૌના સહકારથી કલાત્મક મંદિરનું નિર્માણ થઈ ગયું.

આ સ્મૃતિમંદિરની લંબાઈ ૧૪૩ ફૂટ, પહોળાઈ ૧૦૧ ફૂટ અને ઊંચાઈ ૪૬ ફૂટ છે. મંદિર નિર્માણમાં કુલ ૩૨,૫૦૦ ઘનફૂટ પથ્થરનો ઉપયોગ થયો છે. મંદિરમાં કુલ ૬૦ સ્તંભ, ૩૦૦ જેટલાં મૂર્તિ શિલ્પો, ૩૫ કલાત્મક છતો, ૨૫ ઝરૂખાઓ અને ૫૪ કલામંડિત તોરણો અલંકૃત કરવામાં આવ્યાં છે. મંદિરનું બે મંજિલા મંડોવર, શિખરને બદલે






ભગતજી મહારાજના કલાત્મક સ્મૃતિમંદિરના ગુલાબી પથ્થરના મનોહર સ્થાપત્યની કેટલીક રમણીય છબિઓઃ કલામંડિત ઘુમ્મટ અને છતવિતાન, ભરતકામ જેવી ગૂંથણી સાથે પચ્ચીકારીથી શોભતો ગાલીચાયુક્ત મુખ્ય મંડપ અને તેની બહારનો કલાત્મક મંડોવર.

કલાત્મક સામરણથી શોભે છે. મધ્ય ઘુમ્મટ પર વિશાળ સામરણ અને ચારેય તરફ અન્ય ૧૫ સામરણોની સુંદર ગૂંથણી કરવામાં આવી છે. મંદિરના મધ્ય ઘુમ્મટમાં પ્રવેશ કરાવતી ત્રણ તરફ ત્રણ સુંદર પ્રવેશચોકીઓ શોભે છે. સમગ્ર સ્મૃતિમંદિર બેઠકો યુક્ત કલાત્મક પીઠ પર આસનસ્થ છે. મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સંગેમરમરની રમણીય મૂર્તિઓ સ્વર્ણિમ સિંહાસનમાં શોભી રહી છે. મધ્ય ઘુમ્મટ નીચે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણારવિંદ સાથે ભગતજી મહારાજના અસ્થિકુંભ સાથેનો સ્મૃતિ-ઓટો દર્શનીય છે.

સ્મૃતિમંદિર પરિસરમાં વિશાળ બગીચાઓ, હરિયાળીથી સંપન્ન બાગ-બગીચાઓ, બુકસ્ટોલ, પ્રેમવતી ઉપાહારગૃહ, બાલ ક્રીડાંગણ, ભગતજી મહારાજ જીવનદર્શન કક્ષ, સ્વાગત કક્ષ, પૂજારી નિવાસ વગેરેનો સમાવેશ થાય છે.

આ નાજુક અને કલાત્મક સ્મૃતિમંદિરના નિર્માણના પાયામાં પ્રમુખસ્વામી મહારાજનો સંકલ્પ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીનું માર્ગદર્શન અને પ્રેરણા રહેલાં છે. ઉપરાંત દેશ-પરદેશમાં વસતા હરિભક્તોના સહિયારા પુરુષાર્થથી અહીં કલાત્મક સ્મૃતિમંદિર નિર્માણ પામ્યું છે.

તાજેતરમાં આ સ્મૃતિમંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો.

આવો તેની એક ઝલક માણીએ...

## ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ

સૌરાષ્ટ્રના સાગરકાંઠે તીર્થો અને સંતોની પુણ્યભૂમિ યુગોથી મુમુક્ષુઓને આકર્ષે છે. અહીં યુગોથી પરમાત્માને મેળવવા ઝંખતા એવા અસંખ્ય મુમુક્ષુઓની સાધનાને સાકાર કરવા માટે પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ નીલકંઠવર્ણી

વેશે પધાર્યા હતા અને આ ભૂમિને વિશેષ તીર્થત્વ આપ્યું હતું.

એવી તીર્થરૂપ ભૂમિમાં ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી અંકિત થયેલું રળિયામણું નગર એટલે મહુવા. ભગવાન શ્રી સ્વામિનારાયણના દ્વિતીય આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની પ્રાગટ્ય ભૂમિ અને તીરોધાન ભૂમિ.

તાજેતરમાં, ભગતજી મહારાજની તીરોધાન ભૂમિ પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અનુસાર રચાયેલા સ્મૃતિમંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો. આ પ્રસંગ પૂર્વે, તા. ૮ એપ્રિલ, ૨૦૨૨ના રોજ સુરતમાં કણાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે ભગતજી મહારાજ સ્મૃતિમંદિરમાં સ્થાપિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની મૂર્તિઓનો પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો હતો. આ પ્રતિષ્ઠા વિધિનો લાભ લેવા માટે મહુવા, રાજુલા અને ઉના ક્ષેત્રના સેંકડો હરિભક્તો સુરત ખાતે ઉપસ્થિત રહ્યા હતા. આ સૌને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશિષ પાઠવ્યા હતા.

પ્રતિષ્ઠા વિધિ બાદ આ મૂર્તિઓને ક્રમશઃ બોચાસણ અને ભાવનગર મંદિરમાં થાળ-આરતી અને પૂજન વગેરે ઉપચાર-વિધિ કરાવીને મહુવા લઈ આવવામાં આવી. તા. ૯-૪-૨૦૨૨ના રોજ સાંજે સાત વાગ્યે આ મૂર્તિઓનું મહુવામાં આગમન થયું ત્યારે મૂર્તિઓને વધાવવા યુવકો દ્વારા નેસવડ ચોકડીથી મહુવા શિખરબદ્ધ મંદિર સુધી બાઇક શોભાયાત્રા યોજવામાં આવી હતી. મહુવા બી.એ.પી.એસ. મંદિરમાં સુંદર રંગોળીઓ, ફૂલોની સેજ વગેરે દ્વારા આ મૂર્તિઓનું વિશેષ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહુવા શિખરબદ્ધ મંદિરમાં એક મહિના સુધી આ મૂર્તિનો થાળ, આરતી અને પૂજન થયાં હતાં.

તા. ૨૭ મે, ૨૦૨૨ના રોજ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના વરદ હસ્તે આ મૂર્તિઓનો મંદિરમાં વિધિવત્ સ્થાપનવિધિ યોજાયો. તે પૂર્વે તા. ૨૫ થી ૨૭ મે, ૨૦૨૨ દરમ્યાન ત્રિદિવસીય કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી. મહુવા શહેરમાં યોજાઈ રહેલા આ ઉત્સવ માટે ભક્તો દ્વારા ઘેર ઘેર જઈને ૮૦૦૦ જેટલી નિમંત્રણ-પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

તા. ૨૪-૫-૨૦૨૨ના દિવસે મહુવા શહેરમાં આવેલા ભવાની રેસિડેન્સી અને મહાકાળી નગરની સામે આવેલા ચોકનું મહુવા નગરપાલિકાના સહયોગથી 'ભગતજી મહારાજ ચોક' તરીકે નામાભિધાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ મહુવા શહેરના પ્રમુખસ્વામી મહારાજ માર્ગ પર નિર્માણ પામનાર 'અક્ષરદ્વાર'નો ખાતવિધિ સંપન્ન થયો હતો.

તા. ૨૫-૫-૨૦૨૨ના રોજ પ્રાતઃકાળે નવીનીકરણ પામેલા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જન્મસ્થાનનું વેદોક્ત વિધિપૂર્વક ઉદ્ઘાટન થયું હતું. તેનો મહાપૂજાવિધિ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો.

## મહિલા સંમેલન

તા. ૨૫-૫-૨૦૨૨ના રોજ મધ્યાહ્ન પછી મહુવા ક્ષેત્રની મહિલાપાંખ દ્વારા મહિલા સંમેલન યોજાયું હતું, જેનો મધ્યવર્તી વિચાર હતોઃ 'એક જ નિશાન, બ્રહ્મ-અગ્નિમાં હોમાવું.' આ મધ્યવર્તી વિચાર હેઠળ બાલિકાઓ, યુવતીઓ, મહિલાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ મહિલા સંમેલનમાં શ્રી કુસુમબહેન પ્રજાપતિ (નાયબ મામલતદાર, મહુવા), શ્રી ગીતાબહેન મકવાણા (નગરપાલિકા પ્રમુખ), શ્રી ભાવનાબહેન મકવાણા (પૂર્વ ધારાસભ્ય), પુષ્પાબહેન ઠાકર (ચૅરમૅન, મહિલા કો-ઓપરેટિવ બેંક મહુવા) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ભગતજી મહારાજની સ્મૃતિ રૂપે બહેનો દ્વારા સાતશેર ચૂરમું પણ બનાવવામાં આવ્યું હતું, જેનું વિતરણ સૌને કરવામાં આવ્યું હતું. આ મહિલા સંમેલનમાં ૧,૧૬૦ કરતાં વધારે બહેનોએ લાભ લીધો હતો.

## વિરાટ ધર્મ સભા

તા. ૨૫ના રોજ સંધ્યા સમયે વિરાટ ધર્મસભા તથા સ્મૃતિમંદિર નિર્માણ સહાયકોની સન્માન સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પૂજ્ય વિજયબાપુ (મહંત, સતાધાર ગાદી), પૂજ્ય અમરદાસ બાપુ (મહંત, કાંકચ ગાદી), પૂજ્ય રાજેન્દ્રદાસ બાપુ (મહંત, રામ પાસ રહો જગ્યા), પૂજ્ય ગોવિંદ સ્વામી (સ્વામિનારાયણ ગુરુકુળ, મહુવા), શ્રી બિપીનભાઈ સંઘવી (ચૅરપર્સન, નાગરિક બેન્ક), શ્રી નારાયણભાઈ કાછડિયા (સાંસદ, અમરેલી), શ્રી રમેશભાઈ મકવાણા (ધારસભ્યશ્રી, મહુવા), શ્રી ઘનશ્યામભાઈ પટેલ (ચૅરપર્સન, એ.પી.એમ.સી.), શ્રી કનુભાઈ કલસરિયા (ડાઈરેક્ટર, સદ્ભાવના હૉસ્પિટલ), મહિલા વિભાગમાં ભાવના બહેન મકવાણા (પૂર્વ ધારાસભ્ય), શ્રી પુષ્પાબહેન ઠાકર (ચૅરપર્સન, મહિલા

કોઑપરેટિવ બેન્ક), તથા ગીતા બહેન (પ્રમુખ, નગરપાલિકા) ઉપસ્થિત હતાં.

આ સભામાં પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતો તથા અન્ય સંતો મહાનુભાવોએ પોતાનાં ભાવપુષ્પ અર્પણ કર્યાં હતાં. પૂજ્ય અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામીએ સૌ મહાનુભાવોનું સ્વાગત કરીને ભગતજી મહારાજના સ્મૃતિમંદિરના નિર્માણનો ઇતિહાસ રજૂ કર્યો હતો અને મંદિર નિર્માણમાં સહકાર આપનાર સૌને બિરદાવ્યા હતા.

આ પ્રસંગે નાગરિક બેન્કના ચૅરપર્સન શ્રી બિપીનભાઈ સંઘવીનાં ધર્મપત્ની તરફથી ઉપસ્થિત સૌને ભગતજી મહારાજના સંક્ષિપ્ત જીવનચરિત્રનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. શ્રી બિપીનભાઈ અને એ.પી.એમ.સી.ના ચૅરપર્સન શ્રી ઘનશ્યામભાઈએ ઉદ્‌બોધન કર્યા બાદ સાંસદ શ્રી નારણભાઈ કાછડિયાએ જણાવ્યું હતું, ‘ખરેખર! મહુવાની ધરતી આજે ધન્યતા અનુભવે તેવા વધુ એક ગુલાબી પથ્થરોમાંથી કલાત્મક મંદિરનું નિર્માણ થયું છે. પ્રમુખસ્વામી મહારાજે સેવાનાં કાર્યોની સાથે વિશ્વભરમાં ૧૨૦૦ કરતાં પણ વધારે મંદિરોના નિર્માણ ઉપરાંત સ્કૂલ-છાત્રાલયો અને હૉસ્પિટલો પણ બંધાવી છે. પાંચ વર્ષમાં દુનિયાની અજાયબી એવા અક્ષરધામ મંદિરનું દિલ્હીમાં નિર્માણ કર્યું. આટઆટલું કરવા છતાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય સેવાકાર્યોમાં થાક અનુભવ્યો જ નથી. આપણે પ્રમુખસ્વામી મહારાજને ૧૦૦ સલામ કરવી પડે. માલણ નદીને કિનારે, ભગતજી મહારાજના સ્મૃતિ સ્થાને, નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા થતાં મહુવાને વધુ એક નજરાણું મળ્યું છે. ઘરે મહેમાન આવે તો અહીંયાં ચોક્કસ લાવવાનું મન થાય એવું આ પવિત્ર અને શાંતિદાયક સ્થાન છે. તેમાં સેવા કરનાર સૌને અભિનંદન છે.’

આ પ્રસંગે મહુવા સ્વામિનારાયણ ગુરુકુળના સંચાલક પૂજ્ય ગોવિંદ સ્વામીએ સંબોધન કરીને પ્રમુખસ્વામી મહારાજ સાથેના સ્નેહસંબંધો તાજા કર્યા હતા.

સતાધાર ગાદીના મહંત પૂજ્ય વિજયબાપુએ જણાવ્યું હતું, ‘ભગતજી મહારાજે નિર્દોષભક્તિ કરી. પ્રાગજી ભક્તને શાસ્ત્રીજી મહારાજે ગુરુ તરીકે સ્વીકાર્યા એટલે કંઈક હશે તો જ સ્વીકાર્યા હોય ને! તેમના પ્રભાવમાં યોગીજી મહારાજ આવ્યા એટલે કંઈક વિશેષ હોય જ! ભક્તિના ભાવથી પ્રમુખસ્વામી બાપા પણ તેઓમાં જોડાયા. વર્તમાનકાળે જેમની દૃષ્ટિ આપણા પર છે એવા મહંત સ્વામી મહારાજ પણ ઉપસ્થિત છે. આપણે ભાગ્યશાળી છીએ કે લોકો લાઇનમાં ઊભા રહે ત્યારે જે સદ્‌ગુરુઓનાં દર્શન થાય એ આપણને અહીં દર્શન થાય છે. આપણે ભગતજી મહારાજને પ્રત્યક્ષ નિહાળ્યા નથી, પણ અહીં રહેલા સંતો એ પ્રાગજી ભક્તનું એક એક અંગ છે.’

પૂર્વ ધારાસભ્ય ડૉ. કનુભાઈ કલસારિયાએ પણ સંબોધન દ્વારા આવા સત્પુરુષની આવશ્યકતા સમજાવી.

ત્યારબાદ બાળ-યુવા વૃંદે મંદિરને વધાવતા નૃત્યની પ્રસ્તુતિ કરી હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ ભગતજી મહારાજની સ્મૃતિઓ કરીને જણાવ્યું હતુંઃ ‘સન ૧૯૫૪-૫૫માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ મહુવા પધાર્યા હતા. મહુવાના નગરશેઠ શ્રીહરિભાઈ યોગીજી મહારાજનાં દર્શને અવાર-નવાર આવતાં. હરિભાઈની ઉંમર લગભગ ૮૫-૯૦ વર્ષની હતી.

એમણે પોતાની સ્મૃતિમાંથી વાત કરી હતી કે પ્રાગાપ્રભુને મેં જોયેલા. હું ૮-૧૦ વર્ષનો હોઈશ ત્યારે શહેરમાં લોકો ભગતજી મહારાજને પ્રાગાપ્રભુ નામથી ઓળખતા. ભગતજી મહારાજ પ્રત્યે સૌને સદ્‌ભાવ અને પ્રેમ હતો. એમની ભક્તિ અને સેવા જોઈને લોકો એમને સૌ ‘પ્રાગાપ્રભુ’ જ કહેતા.

ભગતજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં પ્રવર્તન માટે ખૂબ પુરુષાર્થ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજને એ જ્ઞાન વારસામાં આપ્યું અને આજ્ઞા કરી કે તમારે આ વાત બધે પ્રવર્તાવવાની છે. આ આજ્ઞા શિરોધાર્ય કરીને શાસ્ત્રીજી મહારાજે ભવ્ય મંદિરો રચ્યાં અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી.

ભગતજી મહારાજ મહુવામાં રહેતા અને એમના ઘરે શાસ્ત્રીજી મહારાજ અને સંતો સમાગમ કરવા આવતા. જૂના મંદિરમાં પણ ભગતજી મહારાજ થાંભલાને અડીને કથાવાર્તા કરતા. માલણ નદીને કિનારે ભગતજી મહારાજનો અંતિમ સંસ્કાર થયો હતો, એ સ્થાને ઓટો કરીને ચરણારવિંદ પધરાવવાની યોગીજી મહારાજની ખૂબ ઇચ્છા હતી. ત્યાં જમીન પ્રાપ્ત થઈ, તેના પર યોગીજી મહારાજે ચરણારવિંદ પધરાવ્યાં ત્યારે કેટલાકને સમાધિ થઈ હતી. એ સમાધિમાં તેમને ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજી મહારાજનાં દર્શન થયાં હતાં. આ બધા પ્રસંગે અમે હાજર હતા અને એ અમે તાદૃશ્ય જોયેલું.’ એમ કહીને તેઓએ આમ સ્મૃતિમંદિરના નિર્માણમાં સેવા કરનાર સૌનો આભાર માન્યો હતો.

પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણા-વચનો પાઠવતાં જણાવ્યું હતુંઃ ‘દેશ અને વિદેશમાં હજારો હરિભક્તો ભગતજી મહારાજનો જન્મોત્સવ ઊજવે છે. તો એમનામાં શું હતું? તો







સ્મૃતિમંદિરના પ્રાંગણમાં સંતો-યજમાનોના હસ્તે યજ્ઞ તેમજ મહુવાના માર્ગો પર વિશાળ ભક્તમેદની સાથે શોભાયાત્રાનું દૃશ્ય...

તેમને સ્વામિનારાયણ ભગવાનને વિશે અનન્ય નિષ્ઠા હતી. અને ગુણાતીતાનંદ સ્વામી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે, તે પ્રવર્તાવવામાં એમણે માથું હાથમાં લીધું હતું. દરેકની સેવા કરતા. ક્યારેય પણ, ક્યાંય પણ, કોઈનું પણ, કીચિંત પણ ઘસાતું બોલ્યા હોય તેવું બન્યું નથી. તો આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણાઓ પ્રાપ્ત કરીએ.'

આ અવસરે, સ્મૃતિમંદિરના નિર્માણમાં યોગદાન આપનાર સૌને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ધર્મસભાનો આશરે ૬૦૦૦ જેટલા ભક્તોએ લાભ લીધો હતો.

## વિશ્વશાંતિ મહાયજ્ઞ

તા. ૨૬-૫-૨૦૨૨ના રોજ દ્વિતીય દિને સવારે ૫-૩૦ વાગ્યાથી વિશ્વશાંતિ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ યજ્ઞનો વેદોક્ત વિધિપૂર્વક આરંભ કરાવ્યો હતો. પ્રારંભિક પૂજનવિધિ બાદ વરિષ્ઠ સંતોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કરી, પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની આરતી ઉતારી હતી. પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ મંગલ પ્રભાતે પ્રાર્થના કરતાં કહ્યું કે 'આપણાં પરમ સૌભાગ્ય છે કે આજના મંગલ પ્રભાતે સૌને દિવ્ય, અલૌકિક મહાયજ્ઞમાં સામેલ થવાનો લાભ મળ્યો છે. આજે ભગતજી મહારાજને પ્રાર્થના કરીએ કે અમારા સૌના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો ઉદય



થાય; તમામ યજમાનો અને તેમના કુટુંબને ભગવાન શ્રી સ્વામિનારાયણ તને, મને, ધને સુખી કરે; દેશ-પરદેશમાં સર્વ પ્રકારે સુખ-શાંતિ થાય, વરસાદ સારો થાય, યુક્રેનમાં યુદ્ધ સમી જાય અને સમગ્ર વિશ્વમાં શાંતિ થાય.'

પૂજ્ય સંતો યજ્ઞશાળામાંથી વિદાય થયા બાદ યજ્ઞનો ઉત્તરાર્ધ વિધિ આરંભાયો. સ્મૃતિમંદિર પરિસરમાં જ રચવામાં આવેલી યજ્ઞશાળામાં કુલ ૯૫ સુશોભિત કુંડ પર સેંકડો ભક્તોએ યજમાન પદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. પૂજ્ય વરિષ્ઠ સંતોએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના સચિત્ર જીવનગાથા પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું. પ્રત્યેક યજમાનને આ પુસ્તક સ્મૃતિભેટ રૂપે આપવામાં આવ્યું હતું.

### નગરયાત્રા

તા. ૨૬ના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલું. ઢળતી બપોરે ૪-૩૦ વાગ્યે નીકળેલી આ શોભાયાત્રામાં બાઈક રેલી, નૃત્ય મંડળી, હરિભક્તોના સંઘ, ડાંગી નૃત્ય, ઘોડેસવારો, પટ્ટાબાજી ખેલતા યુવાનો, ચાર બગીઓ, ઠાકોરજીના ભવ્ય ત્રણ રથ - માણકી રથમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ, સિંહ રથમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, મયૂર રથમાં પ્રમુખસ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજની મૂર્તિઓ બિરાજમાન હતી. સાથે સાથે સંતોના છ રથ, શણગારેલાં બળદગાડાં, ભજન મંડળીઓ, વ્યસનમુક્તિ પ્રદર્શન ફ્લોટ તથા સ્વચ્છતા રથ હતા. તેની પાછળ મહિલાવૃંદમાં યુવતીઓ, કળશયાત્રા, પોથીયાત્રા કરતાં બહેનો ડગ માંડી રહ્યાં હતાં.

આ યાત્રા પારેખ સ્કૂલથી શરૂ થઈને સ્મૃતિમંદિર પરિસરમાં વિરામ પામી હતી. આશરે એક કિલોમીટર લાંબી આ શોભાયાત્રામાં ૫,૦૦૦ કરતાં વધુ ભક્તો-ભાવિકો જોડાયા હતા. આ યાત્રા જે જે માર્ગો પરથી પસાર થઈ તે માર્ગો પર ડિહાઈડ્રેશન તથા કોલ્ડ સ્ટોરેજ ઉદ્યોગના અગ્રણીઓ દ્વારા કમાનો રચીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રાના સ્વાગત માટે પારેખ કૉલેજમાં મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી આર. સી. મકવાણા (ધારાસભ્ય, મહુવા), સંજયભાઈ બારોટ (ઉપપ્રમુખ નગરપાલિકા, મહુવા), શ્રી સવજીભાઈ ઠંઠ (પ્રમુખ, ઈન્ડિયા ડિહાઈડ્રેશન એસોસિયેશન), શ્રી પંકજભાઈ રૂપારેલ (ટ્રસ્ટી, રૂપારેલ ઈન્ડસ્ટ્રીઝ, પારેખ કૉલેજ), શ્રી જયપ્રકાશ દોશી (બ્યુરો ચીફ, દિવ્યભાસ્કર), શ્રી રજનીભાઈ ઠાકર (પ્રમુખ, શહેર ભાજપ), શ્રી યાજ્ઞિક મહેતા (નગરપાલિકા કારોબારી સભ્ય), ઘનશ્યામભાઈ પટેલ (ચૅરમૅન, એ.પી.એમ.સી., મહુવા), શ્રી બિપીન સંઘવી (નાગરિક બેંક), શ્રી કનુભાઈ નાકરાણી (રાજકીય અગ્રણી) તથા વિવિધ જ્ઞાતિ-સમાજોના સૂત્રધાર મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રા જ્યારે સ્મૃતિમંદિરે વિરમી ત્યારે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ આ શોભાયાત્રાની આરતી ઉતારીને વધામણાં કર્યાં હતાં.

### સ્મૃતિમંદિર પ્રતિષ્ઠાસભા

મહુવામાં માલણ નદીને કિનારે નાળિયેરીના બગીચાઓ વચ્ચે મુકુટમણિ સમાન શોભતા સ્મૃતિમંદિરનો મૂર્તિસ્થાપન વિધિ તા. ૨૭-૫-૨૦૨૨ની પ્રભાતે યોગીજી મહારાજની પ્રાગટ્ય તિથિ વૈશાખ વદ ૧૨ના પવિત્ર પર્વે ધામધૂમપૂર્વક સંપન્ન થઈ ગયો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી આ પ્રસંગે ઉપસ્થિત રહેલા સદ્‌ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના સાંનિધ્યમાં મૂર્તિસ્થાપનનો માંગલિક વિધિ યોજાઈ ગયો. વહેલી સવારે અભિષેક વિધિ બાદ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને વિદ્વાન સંતોએ વેદોક્ત વિધિ મુજબ મહાપૂજા વિધિ કરાવ્યો હતો. આ સ્મૃતિમંદિરમાં બિરાજમાન થનાર મૂર્તિઓની વેદોક્ત પ્રાણપ્રતિષ્ઠા વિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા સુરત ખાતે સંપન્ન થઈ ચૂકી હતી. વિધિવત્ સ્મૃતિમંદિર સંકુલનું ઉદ્‌ઘાટન કરીને ગર્ભગૃહમાં પધારેલા પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્મૃતિમંદિરના સ્વર્ણિમ સિંહાસનમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની સંગેમરમરની મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ કર્યો હતો.

ત્યારબાદ તેઓના હસ્તે મંદિરના મધ્યમંડપ તળે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અસ્થિકુંભ સાથે સ્મૃતિઓટા પર શ્રીહરિનાં ચરણારવિંદની પણ પ્રતિષ્ઠાવિધિ કરવામાં આવી હતી.

મૂર્તિપ્રતિષ્ઠાવિધિ બાદ સવારે ૯-૩૦ વાગ્યે મંદિરની બાજુમાં રચવામાં આવેલા વિશાળ શમિયાણામાં પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. મંચની પશ્ચાદ્‌ભૂના કલાત્મક મંચની મધ્યમાં ઉચ્ચ આસને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તેમજ ગુરુપરંપરાની મૂર્તિઓ દર્શનદાન આપી રહી હતી. આજની સભાની શરૂઆત સંગીતજ્ઞ સંતોએ ધૂન-પ્રાર્થનાગાનની ભક્તિમય સૂરાવલિઓ વહાવીને કરી.

ત્યારબાદ ભગતજી મહારાજના આ ચમત્કારિક

સ્મૃતિસ્થાનના દિવ્યતા ભરેલા પ્રસંગો અને હરિભક્તોની પ્રાર્થનાઓ ફળીભૂત થઈ હોય તેવી સ્વાનુભૂતિઓ વીડિયો દ્વારા પ્રસ્તુત થઈ. સુરતથી પધારેલા પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામી, વર્ષોથી મહુવા મંદિરની સેવા કરી રહેલા પૂજ્ય ભક્તિતનયદાસ સ્વામી વગેરેએ પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

મહુવા વિસ્તારના ધારાસભ્ય શ્રી આર. સી. મકવાણાએ ભાવોર્મિઓ વહાવતાં કહ્યું: 'ભગતજી મહારાજનો જન્મ થયો એ જ ધરતી ઉપર આપણા બધાનો જન્મ થયો એટલે આપણે બધા ગૌરવશાળી છીએ. ભગતજી મહારાજે અનેક કષ્ટો સહન કર્યાં છે. ઘા સહન કરીને સોનું આકાર સ્વરૂપે આવે છે ત્યારે તેની ખરી કિંમત થાય છે, એમ ભગતજી મહારાજે ખૂબ કષ્ટો વેઠ્યાં ત્યારે આજે આપણે બધા તેમને યાદ કરીએ છીએ. અમને ગૌરવ છે કે મહુવાની અંદર આવું સુંદર ધાર્મિક સ્થાન વિકાસ પામી રહ્યું છે.'

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત સિદ્ધાંતના પ્રવર્તન માટે ભગતજી મહારાજે વેઠેલાં કષ્ટો, અપમાનો, તિરસ્કારોના પ્રસંગો વર્ણવીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આ સ્થાનનો મહિમા વર્ણવતાં જણાવ્યું કે 'આ સ્થાનમાં સાક્ષાત્ ભગતજી મહારાજ અખંડ બિરાજમાન છે અને આપણને અખંડ દર્શન આપે છે. આ ભગતજી મહારાજનું સમાધિસ્થાન ખૂબ જ ચમત્કારિક છે. અહીં આવીને જે કોઈ માનતા કરશે, પ્રાર્થના, માળા, પ્રદક્ષિણા, દંડવત કરશે તેના સંકલ્પો ભગતજી મહારાજ અવશ્ય પરિપૂર્ણ કરશે, એવા આશીર્વાદ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પણ આપેલા છે. એવું આ દિવ્ય સ્થાન છે.'

ત્યારબાદ બાળ-યુવાવૃંદે 'પ્રાગજી ભગતનો જય જયકાર થાઓ...' ભક્તિગીતના આધારે ભગતજી મહારાજને વંદના કરી હતી.


ભક્તિનૃત્ય બાદ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ અલૌકિક પ્રાપ્તિ અને ભગતજી મહારાજની જીવનભાવનાને વર્ણવતાં કહ્યું: 'બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ ગુણાતીતાનંદ

મહંત સ્વામી મહારાજે પ્રતિષ્ઠિત કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ભગતજી મહારાજની મૂર્તિઓની વેદોક્ત સ્થાપના વિધિ કરતા ડૉક્ટર સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી તેમજ પ્રાસંગિક સમારોહમાં ઉપસ્થિત વિશાળ ભક્ત સમુદાય...









સ્વામીને રાજી કરવા માટે ૨૩-૨૩ કલાક સેવા-કથાવાર્તા કરતા. ભગતજી મહારાજે ઘણું વિચરણ કરીને શ્રીઅક્ષર-પુરુષોત્તમની સાચી ઉપાસના પ્રવર્તાવી હતી. સહજાનંદ સ્વામી સર્વોપરિ ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને સત્પુરુષ એ મોક્ષનું દ્વાર છે આ વાત સમજાવવી તે વખતે બહુ કઠણ હતી. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી આ બધી વાતો અનેક કષ્ટો સહન કરીને પ્રવર્તાવી હતી. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ જ્ઞાની, શાસ્ત્રી, બુદ્ધિશાળી અને બાહોશ સંત હતા. તેમણે ભગતજી મહારાજને ઓળખ્યા ને ગુરુ તરીકે સ્વીકાર્યા. અને ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને ખરેખરું જ્ઞાન આપ્યું એ જ્ઞાન આપણને ગુરુપરંપરા દ્વારા પ્રાપ્ત થયું. એ ભગતજી મહારાજ આજે પણ પ્રગટ છે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા. આપણામાં પણ ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય સિદ્ધ થાય એવી એ કૃપા કરે એ જ પ્રાર્થના.'

ત્યારબાદ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સુરત ખાતે ભગતજી મહારાજના સ્મૃતિમંદિરમાં પ્રસ્થાપિત થનાર મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિ કરી હતી તેની વીડિયો સ્મૃતિ સૌએ માણી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયોના માધ્યમથી આશીર્વાદ વરસાવતાં કહ્યું: 'બધાને જય સ્વામિનારાયણ... આજે ભગતજી મહારાજના સ્મૃતિમંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ છે. ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને ખરેખરા રાજી કરી લીધા. ભગતજી મહારાજ તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા, છતાં આપણા જેવા થઈને પૃથ્વી પર રહ્યા. મહુવામાં પ્રગટ થયા. બાળચરિત્રો કર્યાં. આ બધું આપણા જેવું જ લાગે, પણ પોતે ભગવાનના અખંડ ધારક સંત હતા તે ખેલ ખેલી ગયા. આપણને ઘણી બધી પ્રેરણા આપતા ગયા. ભગતજી મહારાજે માથુ હાથમાં લઈને અક્ષરબ્રહ્મને ઓળખાવ્યા. એમનું ઘણું અપમાન થયું, વિમુખ કર્યા, ઝેર આપ્યું, છતાં પાછા ન પડ્યા. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે એ વાત ઓળખાવતા જ રહ્યા.

ભગતજી મહારાજને ખરેખરા શાસ્ત્રીજી મહારાજે ઓળખ્યા. એમના સંકલ્પે આજે એમનું સ્મૃતિમંદિર તૈયાર થઈ ગયું છે. બહુ જ ચમત્કારિક સ્થાન છે. ઘણાને ત્યાં ઐશ્વર્યનો અનુભવ થયો છે. ભગતજી મહારાજ સાક્ષાત્ અહીં દર્શન આપતા હોય એવા અનુભવો થાય છે. આ મંદિર પ્રતિષ્ઠા માટે આવવાની મારી ઇચ્છા હતી, પણ અત્યારે નીકળી શકાય એમ નથી તો રાજી રહેશો. પ્રતિષ્ઠા માટે ત્યાં પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી ત્રણ સદ્‌ગુરુ સંતો પધાર્યા છે તો સૌ એમનો લાભ લેશો. આજે મહારાજ સ્વામી, ભગતજી મહારાજને પ્રાર્થના કરીએ કે બધા સંતો-ભક્તોને ભગતજી મહારાજ જેવી સ્થિતિ થાય. સાથે સાથે જે જે ભક્તો-ભાવિકોએ આ સ્મૃતિમંદિરની તને, મને, સેવા કરી છે તે બધાનો મોક્ષ થાય. આ સ્થાનમાં જે કોઈ ભક્તો શ્રદ્ધાપૂર્વક શુભ સંકલ્પ કરે તે પૂર્ણ થાય એ જ પ્રાર્થના.'

સ્વામીશ્રીના આશીર્વાદથી સૌ પરિતૃપ્ત થયા. બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ ભગતજી મહારાજ જેવી જીવનભાવના કેવી રીતે કરી શકાય? તેનું માર્ગદર્શન આપતાં પ્રેરણાવચનો પાઠવતાં ઉચ્ચાર્યું: 'આ મહુવા શહેરમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ દરજી જ્ઞાતિમાં પ્રગટ થયા. આર્થિક રીતે અને દરજીકામમાં પણ સામાન્ય ગણાતા એવા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો મહિમા આજે વિશ્વભરમાં પ્રવર્ત્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે તેઓને અનન્ય નિષ્ઠા હતી. ગુણાતીતાનંદ સ્વામી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે, તે વાત પ્રવર્તાવવા માટે એમણે માથું હાથમાં લીધું હતું. ઘણી તકલીફો પડી હતી. છતાં પણ દરેકનો આદર અને સેવા કરતા હતા. એમને તકલીફ આપી હોય એની વિરુદ્ધ પણ તેઓ બોલ્યા નથી. ટી.વી. ટેલિફોન, ટપાલ કે અન્ય કંઈ વ્યવસ્થા નહોતી, છતાં પણ તેમનો એટલો બધો મહિમા પ્રવર્તેલો કે ખાનદેશમાંથી હરિભક્તો કથાવાર્તા સાંભળવા મહુવા આવતા.

મહાવિદ્વાન શાસ્ત્રીજી મહારાજ અત્યંત વ્યવહારકુશળ, ત્યાગી અને બધા જ દૃષ્ટિકોણથી પરિપૂર્ણ સંત હતા. છતાં પણ ગૃહસ્થ ભગતજી મહારાજને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. તેથી શાસ્ત્રીજી મહારાજને ઘણીબધી ઉપાધિઓ આવી. ભગવાં વસ્ત્ર ઉતારીને ધોળાં વસ્ત્ર પહેરવા પડ્યાં છતાં પણ તેમણે ભગતજી મહારાજને છોડ્યા નહીં. ભગતજી મહારાજ પાસેથી અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતની વાત સમજ્યા ને મંદિરો બાંધવાની શરૂઆત કરી. ન'તા નાણાં, ન'તા માણા, ન'તા પાણા અને ન'તા દાણા. દરેક પ્રકારની મુશ્કેલીની અંદર શાસ્ત્રીજી મહારાજે આ બધાં મંદિરો બાંધ્યાં. તેનું મૂળ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ છે.

જેમ ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને રાજી કર્યા એમ આપણે પણ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને રાજી કરવાના છે.''

ત્યારબાદ આ મહોત્સવમાં સેવા કરનાર હરિભક્તો અને સંતોને વરિષ્ઠ સંતો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતમાં, મહુવા મંદિરના કોઠારી પૂજ્ય વિનમ્રમુનિદાસ



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના મહાપ્રાસાદિક પ્રાગટ્ય સ્થાનનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું.
કલાત્મક ઝરૂખાઓ અને સ્તંભ-પંક્તિથી શોભતા ભવનમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાસાદિક જન્મસ્થાનનું દૃશ્ય.

સ્વામીએ મંદિરનિર્માણ કાર્ય અને ઉત્સવમાં સેવા આપનાર સૌનો આભાર પ્રગટ કર્યો હતો.

## સેવાભક્તિની સરિતા

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ ઉપક્રમે મહુવાના ભક્તો દ્વારા વિશેષ તપવ્રતની હારમાળા રચાઈ હતી, જેમાં ૨૨ યુવકો દ્વારા ૫૨ દિવસના સાંકળ નિર્જળા ઉપવાસ તેમજ હરિભક્તો દ્વારા એકટાણાં, સજળા ઉપવાસ, વિશેષ માળાઓ વગેરેના નિયમો ગ્રહણ કરવામાં આવ્યા હતા. સાથે સાથે મહિલા મંડળમાં બે યુવતીઓ દ્વારા ૧૫ દિવસના ખટરસના ઉપવાસ, મહિલાઓમાં ૫૦ દિવસના સજળા સાંકળ ઉપવાસ, ૩૦ દિવસના નિર્જળા સાંકળ ઉપવાસ, ૧૦ મહિલાઓ દ્વારા ૪૫ દિવસના એકટાણાં, ૪૦ મહિલાઓ દ્વારા સત્સંગદીક્ષા ગ્રંથનો પાઠ, પાંચ મહિલાઓ દ્વારા પ્રમુખસ્વામી મહારાજના જીવનચરિત્રનો પાઠ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મહિલાઓ-યુવતીઓ દ્વારા વિશેષ તપની માળા, પ્રદક્ષિણા અને સહજાનંદ નામાવલીના પાઠ કરવામાં આવ્યા હતા.

આ ઉત્સવના ઉપક્રમે મહુવાના બી.એ.પી.એસ. બાળમંડળ દ્વારા તા. ૧૧-૫-૨૦૨૨થી ૨૩-૫-૨૦૨૨ સુધી કુલ ૧૩ દિવસ સુધી મહુવાનાં વિવિધ સ્થળોએ વ્યસનમુક્તિ યજ્ઞ યોજાયો હતો, જેમાં બાળકો દ્વારા હજારો વ્યક્તિઓનો સંપર્ક કરી તેમને વ્યસનમુક્ત કરવામાં આવ્યા હતા. પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે હનુમંત હૉસ્પિટલ, મહુવા તથા અર્બન હેલ્થ સેન્ટર મહુવાના સહયોગથી ત્રિદિવસીય મૅડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૫૫ જેટલા લોકોએ લાભ લીધો હતો. રક્તદાન યજ્ઞમાં પણ સેંકડો લોકોએ રક્તદાન કર્યું હતું. બાલિકાઓ દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે કાર્યક્રમો થયા હતા, જેના દ્વારા ૫,૫૦૦ વ્યક્તિઓ સુધી પર્યાવરણ જાગૃતિ, પાણી બચાવો, વીજળી બચાવો જેવા સંદેશાઓ પહોંચાડવામાં આવ્યા હતા.

આમ, મંદિરના કોઠારી પૂજ્ય વિનમ્રમુનિદાસ સ્વામી અને સ્થાનિક સંતમંડળના માર્ગદર્શન હેઠળ મહુવા, ઉના, રાજુલા, ભાવનગર, ધારી વગેરે ગામોના ૭૫૦ કરતાં વધારે સ્વયંસેવકોએ વિવિધ સેવાઓ કરી હતી.

મહુવા શહેરમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની જન્મભૂમિ ખાતે રચાયેલું પ્રાસાદિક મંદિર, હાઈવે પર કર્મભૂમિ સમાન રચાયેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર અને દેહોત્સર્ગ સ્થાને રચાયેલું સ્મૃતિમંદિર શત શત વર્ષો સુધી વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજાવતું રહેશે. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## કણાદ-સુરત ખાતે સ્વામીશ્રીએ કરી આધ્યાત્મિકતાની અમીવૃષ્ટિ

તા. ૨૪-૨-૨૦૨૨ થી તા. ૧-૬-૨૦૨૨ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કણાદ-સુરત ખાતે બિરાજીને અધ્યાત્મ-સૌરભથી અસંખ્ય લોકોનાં જીવન મહેકતાં કરી દીધાં હતાં. સતત ૯૮ દિવસ સુધી સ્વામીશ્રીનું પાવન સાંનિધ્ય પામીને દક્ષિણ ગુજરાતના લાખો હરિભક્તો-ભાવિકો કૃતકૃત્ય બન્યા હતા. પ્રથમવાર સુરત ખાતે આટલા લાંબા સમય સુધી ગુરુહરિની પાવન ઉપસ્થિતિથી સૌમાં ભક્તિની અનેરી ભરતી ચઢી હતી. પ્રાતઃ પૂજાનાં દર્શને પધારતા હજારો હરિભક્તોને સ્વામીશ્રીએ આપેલો સમીપદર્શનનો લાભ અને આશીર્વચન સૌ કોઈ માટે અણમોલ સંભારણું બની રહ્યાં હતાં. પૂજામાં સંગીતજ્ઞ સંતો-યુવકો દ્વારા રજૂ થતાં ભક્તિપદો, બાળકો-કિશોરો-યુવકોની છટાદાર સત્સંગલક્ષી રજૂઆતોથી વાતાવરણમાં સત્સંગ-ભક્તિનો અનેરો રંગ જામતો હતો. સત્સંગ સભાઓમાં ભક્તિભર્યા કાર્યક્રમોની વચ્ચે સ્વામીશ્રીએ આધ્યાત્મિક આંદોલનોની અનેરી રસલહાણ કરીને સાંખ્ય અને યોગ દૃઢ કરાવી સત્સંગના માર્ગે ચાલવાનું અખૂટ બળ સિંચ્યું હતું. ઉપરાંત અસંખ્ય મુમુક્ષુઓને વ્યક્તિગત મળીને તેમની વ્યાવહારિક, કૌટુંબિક, સામાજિક, આર્થિક, માનસિક ગૂંચો ઉકેલીને સ્વામીશ્રીએ તેમને આધ્યાત્મિક પ્રેરણાઓ

આપી હતી. સ્વામીશ્રીના હૈયાની હૂંફ અને હેતને પામેલા કેટલાક ભાવિકોએ પોતાના જીવનમાં વસંત આણનાર સ્વામીશ્રી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. સ્વામીશ્રીએ કથાવાર્તામાં યોગીવાણી, પ્રમુખ-સ્નેહસુધા અને સત્સંગદીક્ષા ગ્રંથના આધારે સંતો-હરિભક્તોને અમૃતવાણી દ્વારા દિવ્ય સત્સંગનો મહિમા દૃઢાવ્યો હતો.

સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ સુરત તેમજ આજુબાજુનાં ગામોમાંથી અસંખ્ય હરિભક્તોએ પદયાત્રાઓ દ્વારા, તપ-વ્રત દ્વારા કે શ્રમયજ્ઞ દ્વારા વિશેષ ભક્તિ-અર્ધ્ય અર્પણ કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. દક્ષિણ ગુજરાતના આદિવાસી હરિભક્તો પણ ગુરુહરિના પ્રેમપ્રવાહમાં તણાયા હતા અને પ્રાદેશિક વાદ્યો સાથે ભક્તિનૃત્ય કરી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી હતી.

૮૯ વર્ષની ઉંમરે સ્વામીશ્રીએ અહીં અકલ્પનીય ભીડો વેઠી વિવિધ સત્સંગ સભાઓ, ઉત્સવ-પ્રસંગોમાં ઉપસ્થિત રહી સૌને દિવ્ય આધ્યાત્મિક લાભ આપ્યો હતો. સંસ્થાકીય મિટિંગો-વિમર્શોમાં સંતોને અનેરું માર્ગદર્શન આપ્યું હતું. પોતાના આરામ કે ભોજનનો સમય ઠેલીને પણ ભક્તો-ભાવિકોને સમીપદર્શન-મુલાકાત આપી ખૂબ ખૂબ રાજી કર્યા હતા. એમાં વળી, બાળકોને જોતાં જ સ્વામીશ્રી હરખાઈ ઊઠતા. બાળભાવને પારખી સ્વામીશ્રીએ બાળકોને વહાલપૂર્વક દર્શન-સુખ આપ્યું હતું. પ્રત્યેક ક્ષણે સ્વામીશ્રીનાં પ્રેમ, સરળતા અને નિર્માનિતાનાં દર્શન થતાં હતાં. ભીડો વેઠીને સૌના મનોરથ પૂરા કરવા એ સ્વામીશ્રીનો સ્વધર્મ બની રહ્યો હતો. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ અંગે સંતો-સ્વયંસેવકો પાસેથી વિગતો જાણી ખૂબ જ સુચારુ માર્ગદર્શન આપ્યું હતું. આ સઘળું નીરખતાં સૌનાં અંતર ગાઈ ઊઠ્યાં હતાં : 'સ્વામીની જોડ જગે નહિ જડે રે લોલ...'

સ્વામીશ્રીએ કણાદ-સુરત ખાતે સતત ત્રણ મહિના કરતાં વધારે સમય સુધી આપેલી દિવ્ય સ્મૃતિઓ પૈકી ૧૮ એપ્રિલ સુધીના સત્સંગ લાભનું આચમન આપણે મે મહિનાના અંકમાં કરી ચૂક્યા છીએ, અહીં ત્યારપછી સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગ લાભની સ્મૃતિ માણીએ...

- તા. ૧૯-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કુંવારા(મહેસાણા) ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૨૦-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કરમસદ(આણંદ) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની ખાતવિધિની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી જૂનાગઢ ખાતે સન ૨૦૦૮થી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય કાર્યરત છે. આ છાત્રાલયના સંકુલમાં નૂતન બી.એ.પી.એસ. વિદ્યામંદિર નિર્માણ પામ્યું છે. તા. ૨૧-૪-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દીપ પ્રાગટ્ય કરીને આ નૂતન વિદ્યામંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- તા. ૨૨-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ એરથાણ(સુરત ગ્રામ્ય) ખાતે રચાયેલા નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૨૩-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને 'સદ્‌ભાવી સત્સંગસભા'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. 'પારિવારિક શાંતિ અભિયાન'ની ફળશ્રુતિરૂપે સમગ્ર ભારતમાં આ સભાઓ યોજાનાર છે. વળી, આજરોજ સ્વામીશ્રીએ હિંગળાજ(ઇડર, હિંમતનગર) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- તા. ૨૮-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ઊન(સાંકરી) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે સાથે ઊન અને કેળકૂઈ ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું.
- તા. ૨૯-૪-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કપાસી(સુરત ગ્રામ્ય) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે જોગણ(મહેળાવ) ખાતે રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ભૂમિપૂજનની શિલાઓ અને ઇંદોર ખાતે નિર્માણાધીન નૂતન

મંદિરના સંકુલની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું. વળી, આજરોજ સ્વામીશ્રીએ 'ભગવાન સ્વામિનારાયણ લાઇફ એન્ડ વર્ક' ભાગ-૧(અંગ્રેજી) પુસ્તકનું વિમોચન કર્યું હતું.

- તા. ૩-૫-૨૦૨૨, અખાત્રીજના શુભ દિવસથી બી.એ.પી.એસ.ના પ્રત્યેક મંદિરમાં પંચધાતુની ઠાકોરજીની મૂર્તિને ધરાવાતા ચંદનના વાઘાનાં દર્શન કરી અગણિત હરિભક્તો-ભાવિકો કૃતાર્થ બન્યા હતા. સ્વામીશ્રીએ પણ પોતાની સેવ્ય મૂર્તિ અક્ષરપુરુષોત્તમ મહારાજને ચંદનના વાઘા ધારણ કરાવી ઇષ્ટભક્તિ અદા કરી હતી. સૌ હરિભક્તોએ આ અનુપમ દર્શનનો લાભ પ્રાપ્ત કરી સ્વામીશ્રીની ભક્તિને વધાવી હતી.
- તા. ૪-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સોટીક(Sotik, Kenya) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૫-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ઉકાઈ ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિની અને ગુરુપરંપરાની મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી.
- તા. ૬-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સાકોરે(ખાનદેશ) ખાતે નૂતન રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- અમરેલી ખાતે નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામનાર છે. તા. ૭-૫-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આ મંદિરનો શિલાપૂજનવિધિ યોજાયો હતો. સ્વામીશ્રીએ ગર્તમાં પધરાવવામાં આવનાર શિલાઓ, સુવર્ણરસિત કળશ, યંત્રોનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. સાથે સિમેંટ અને રેતીના મિશ્રણ પર પ્રાસાદિક પુષ્પો પધરાવી, નિર્વિઘ્ને મંદિર પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા.
- બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિરાટ વ્યસનમુક્તિ અને પ્રકૃતિ સંવર્ધન અભિયાન હાથ ધરાયું હતું. સમગ્ર ભારતના જુદા જુદા પ્રાંતોમાં બી.એ.પી.એસ. બાળ-બાલિકામંડળના બાળકો અને બાળ-કાર્યકરો દ્વારા યોજાયેલા આ અભિયાનનો તા. ૮-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરીને શુભારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં જોડાનાર ૩૦,૦૦૦ બાળકોને સ્વામીશ્રીએ અંતરના આશિષ પાઠવ્યા હતા.
- તા. ૧૧-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ અમદાવાદ ગ્રામ્યના શિયાવાડા અને વડોદરા(ગુરુપરંપરા-ચિત્રપ્રતિમા)માં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. વળી, આજે તારીખ પ્રમાણે સ્વામીશ્રીનો ૬૧મો ભાગવતી દીક્ષા દિન પણ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.
- તા. ૧૪-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સાંગલી(મહારાષ્ટ્ર) ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. સાથે ફળી(સાંકરી) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં સ્થાપિત થનારી ગુરુપરંપરાની મૂર્તિઓનું વેદોક્ત પૂજન કર્યું હતું. વળી, આજરોજ સ્વામીશ્રીએ સાંકરી વિસ્તારના ધરમપોર અને વદેશિયા ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- તા. ૧૮-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ નારપુરા(બોચાસણ) ખાતે નૂતન રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- તા. ૨૦-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રી કણાદથી અડાજણ ખાતેના બી.એ.પી.એસ. મંદિરે દર્શનાર્થે પધાર્યા ત્યારે સંતો-હરિભક્તોએ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. અહીં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રીએ ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું. મંદિરમાં ઉપસ્થિત સૌને દર્શન-આશિષ અર્પી સ્વામીશ્રી પુનઃ કણાદ ખાતે પધાર્યા હતા.
- તા. ૨૧-૫-૨૦૨૨ના રોજ તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો ૭૨મો પ્રમુખવરણી દિન હતો. આ અવસરે સ્વામીશ્રી ભક્તિભાવપૂર્વક પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓમાં ગરકાવ થયા હતા.
- તા. ૨૫-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ હિંમતનગર ખાતેના બી.એ.પી.એસ. મંદિરના રંગમહોલની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

- તા. ૨૭-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ નાસિક ખાતેના બી.એ.પી.એસ. મંદિરના સુવર્ણરસિત ધજાદંડ અને કળશોનું વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું.
- તા. ૨૮-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ વેસ્મા(નવસારી) ખાતે રચાનાર બી.એ.પી.એસ. મંદિરની શિલાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.
- તા. ૨૯-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ લંડન ખાતે સ્થપાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું દીપ પ્રાગટ્ય કરીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું.
- તા. ૩૦-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કણાદ ખાતેના હરિમંદિરમાં સ્થાપિત થનારી મૂર્તિઓનાં વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠા કર્યાં હતાં. આજે સ્વામીશ્રીએ 'શતાબ્દી પ્રસંગ મુખપાઠ' પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં કણાદ-સુરત ખાતે યોજાયેલી વિશિષ્ટ સત્સંગ સભાઓની અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે...

## કણાદ-સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી વિવિધ સત્સંગ સભાઓનો લાભ લઈ કૃતાર્થ બનતા ભાવિક ભક્તો...

■ તા. ૧૫-૪-૨૦૨૨ના રોજ *'આવો સાથે મળીને અક્ષરધામ મંદિર બનાવીએ'* વિષય અંતર્ગત યોજાયેલી સભામાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણીઓ ઉપસ્થિત હતા. આ તમામ મહાનુભાવોના સ્વાગત બાદ તેઓને બી.એ.પી.એસ. સંસ્થા, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનો મહિમા વર્ણવતા વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત થયા હતા. ત્યારબાદ સુરતમાં ચાલતા આ ઉદ્યોગના સંક્ષિપ્ત પરિચય બાદ ઉદ્યોગ સાથે સંકળાયેલી સાધન-સામગ્રીને સ્પર્શીને સ્વામીશ્રીએ શુભાશિષ અર્પ્યા: 'આ ઉદ્યોગની હજુ ખૂબ પ્રગતિ થાય ને સૌ સફળ થાય.' સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો. અંતમાં સ્વામીશ્રીએ 'નીતિ-નિયમ રાખી પોતપોતાના ધંધામાં ખૂબ આગળ વધો' એવા શુભાશિષ અર્પ્યા હતા.

■ તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ *'ગુણોના મહાસાગર મહંત સ્વામી મહારાજ'* કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી રવિસભામાં સંતોએ વિવિધ પ્રવચનો અને વીડિયોના માધ્યમથી સ્વામીશ્રીના ગુણિયલ ગુણોનું દર્શન કરાવ્યું હતું. સભા દરમ્યાન સ્વામીશ્રીના - 'પરાભક્તિ, ગુરુભક્તિ, દાસભાવ, નિઃસ્વાર્થ સ્નેહ, સ્થિતપ્રજ્ઞતા, દયા, નિઃસ્વાદીપણું અને નિર્દંભપણું' વગેરે જેવા ગુણો પર મનનીય પ્રવચનોનો લાભ પ્રાપ્ત કરી હજારો સભાજનો ગુરુમહિમામાં ગુલતાન બન્યા હતા.

સભાના અંતે શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી એ મૂળ છે. એમનામાં બધા ગુણો છે. એમને ધારી રાખવાના તો બધા ગુણ સહેજે આપણામાં વહેતા થાય. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ એ બધા એવા ભગવાનના ગુણોના ધારક હતા. મહારાજ-સ્વામીને રાજી કરવાનું તાન હોય તો બધા ગુણો આવે. જેને ભગવાનમાં અચળ શ્રદ્ધા, દૃઢ વિશ્વાસ હોય કે ભગવાન વતે જ બધું થાય છે તો બધા ગુણ તેનામાં આવે. ભગવાનથી મોટા કોઈ નથી એ ખાસ ધ્યાનમાં રાખીને ભજન-ભક્તિ કરવી.'' સંતો દ્વારા કહેવાયેલો બધો જ મહિમા સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુવર્યોનાં ચરણે ધરી દીધો.

■ તા. ૩૦-૪-૨૦૨૨ના રોજ બી.એ.પી.એસ. છાત્રાલય-સુરતમાં અભ્યાસ કરી ગયેલા છાત્રોનું 'પૂર્વ વિદ્યાર્થી સ્નેહસંમેલન' યોજાયું હતું. જેમાં, 'છાત્રાલયમાંથી વિદાય લીધા બાદ પણ અહીંથી શીખેલાં સદ્‌મૂલ્યો-સંસ્કારો જાળવી રાખ્યાં છે' મધ્યવર્તી વિચાર સાથે છાત્રોએ છાત્રાલયમાંથી પોતાને મળેલા જીવન-ઘડતરના સંસ્કારોની વિવિધ પ્રસંગો-સ્કિટ દ્વારા રજૂઆત કરી હતી. અંતમાં સ્વામીશ્રીએ છાત્રોને આશિષ અર્પ્યા હતા.

■ તા. ૧-૫-૨૦૨૨ના રોજ વિશિષ્ટ યુવાસભા યોજાઈ હતી. *'સંસ્કારોની ગંગોત્રી-યુવાસભા'* મધ્યવર્તી વિચાર સાથેની યુવાસભામાં સંતો-યુવકોએ પ્રવચનો દ્વારા આ વિચારને વધુ સુસ્પષ્ટ કર્યો હતો. અનિર્દેશદાસ



સ્વામીએ 'સંસ્કારોના પ્રેરક સત્પુરુષ' વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો. 'યુવાસભાથી થયેલાં પરિવર્તનો અને લાભ' પ્રસંગ વર્ણનથી પ્રસ્તુત થયાં હતાં. આશીર્વચનમાં સ્વામીશ્રીએ સૌ યુવાઓને ભાથું બાંધી આપ્યું હતું.

■ તા. ૮-૫-૨૦૨૨ના રોજ 'મહંતગાથા' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી રવિસભામાં સંતોએ વિવિધ વિષયો પર પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં મહંત સ્વામી મહારાજે સત્સંગ-પ્રવર્તનમાં કરેલા અકલ્પનીય પુરુષાર્થની ગાથા રજૂ કરી હતી. એમાં ખાસ કરીને મહંત સ્વામી મહારાજે પણ પોતાના દેહની પરવા કર્યા વગર ઉપાસના પ્રવર્તન માટે અને હરિભક્તોને રાજી કરવા ખૂબ ખૂબ વિચરણ કર્યું છે, તેની ઝાંખી કરાવવામાં આવી હતી. વીડિયોના માધ્યમથી પણ સ્વામીશ્રીના વિરલ પ્રસંગોની સ્મૃતિ કરવામાં આવી હતી. અંતમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વર્ષાથી ભીંજવ્યા હતા.

■ તા. ૧૫-૫-૨૦૨૨ના રોજ 'મહાસંગ્રામ' મધ્યવર્તી વિચાર સાથે બાળદિન ઊજવાયો હતો. જેમાં, બાળકો અને બાળ કાર્યકરોએ સ્કિટ, સંવાદની ચોટદાર રજૂઆત કરી હતી. વર્તમાન સમયમાં બાળકોના દુશ્મન એવા ટી.વી., મોબાઈલ, ગેમ્સ વગેરે લોભામણાં માધ્યમો બાળકોના અભ્યાસ, સર્વાંગી વિકાસમાં રુકાવટ પેદા કરે છે, ત્યારે બાળકોએ આ લોભામણાં માધ્યમોથી રક્ષા થાય અને ચારિત્ર્યયુક્ત જીવન બને તે માટે સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી. સ્વામીશ્રીએ આશીર્વચનમાં બાળકોને બળપ્રેરક વાતો કરી અનેરું માર્ગદર્શન આપ્યું હતું.

■ તા. ૨૨-૫-૨૦૨૨ના રોજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને શતાબ્દી વર્ષે વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પતી રવિસભા સૌ માટે અવિસ્મરણીય બની રહી હતી. આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં પ્રમુખસ્વામી મહારાજના વિશિષ્ટ ગુણોનું રસપાન સૌને કરાવ્યું હતું. આજના વિશિષ્ટ કાર્યક્રમરૂપે ગુરુવર્યોની શોભાયાત્રા યોજાઈ હતી. પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનો કલાત્મક રથ અને તેની પાછળ સ્વામીશ્રીનો રથ હજારો હરિભક્તોની મધ્યેથી પસાર થતો મુખ્ય મંચ સમક્ષ આવ્યો ત્યારે સૌએ જયજયકારોથી ગુરુવર્યોનું અભિવાદન કર્યું હતું. કિશોરો-યુવકોએ અનેરા થનગનાટ સાથે ભક્તિનૃત્ય અને રંગબેરંગી પુષ્પ-પાંદડીઓની વર્ષા કરી ગુરુવર્યોને સત્કાર્યા હતા. મશાલધારી યુવકો પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરી. ત્યારપછી







સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું પૂજન-આરતી કરી વંદના કરી હતી.

■ તા. ૨૭-૫-૨૦૨૨ના રોજ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનો ૧૩૦મો પ્રાકટ્યદિન હતો. વહેલી સવારથી જ ઉત્સવનો માહોલ રચાયો હતો. પૂજા બાદ સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં સંતોએ નાનાં નાનાં ભૂલકાંઓને સમૂહમાં વર્તમાન ધરાવી પ્રાસાદિક કંઠી પહેરાવી હતી.

સાંજે યોગીજયંતીની વિશિષ્ટ સભામાં ઘનશ્યામચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનોમાં યોગીબાપાની સ્મૃતિઓ કરાવી ત્યારે સ્વામીશ્રી પણ એ સ્મૃતિઓમાં ગરકાવ થઈ ગયા હતા. અંતમાં સ્વામીશ્રીએ પણ આશીર્વચનમાં યોગીબાપાના ગુણાનુવાદ ગાયા હતા. આજના અવસરે સંતો દ્વારા અર્પણ કરાયેલા કલાત્મક હાર-ચાદર સ્વીકાર્યા બાદ સ્વામીશ્રીએ પોર્ટુગીઝ ભાષામાં ભાષાંતરિત સત્સંગદીક્ષા ગ્રંથ અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ - સચિત્ર પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

■ તા. ૨૮-૫-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં કણાદ ખાતે નિમાર્ણાધીન અક્ષરધામ મંદિરની જમીનો અર્પણ કરનાર ખેડૂતોનો સન્માન સમારોહ યોજાયો હતો. સ્વામીશ્રીએ પ્રસન્નતાપૂર્વક તમામને ખૂબ ખૂબ દર્શન-આશિષ અર્પ્યાં હતાં.

■ તા. ૨૯-૫-૨૦૨૨ના રોજ યોજાયેલી રવિસભા, સતત ત્રણ મહિના કરતાં વધારે સમય સુધી કણાદ-સુરતને સ્વામીશ્રીએ આપેલા સત્સંગ લાભને પુનઃ સ્મૃત કરવાનો અવસર બની રહી હતી. સુરત ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ લાભ લેવા ખૂબ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા.

*'અક્ષરબ્રહ્મની સ્મૃતિઓ અક્ષરધામના આંગણે'* વિષય સાથે યોજાયેલી આજની સભામાં સંતો-યુવકો-કાર્યકરોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો દ્વારા અને વીડિયોના માધ્યમથી ગુરુહરિની કણાદ-સુરત ખાતેની સ્મૃતિઓમાં સૌને અવગાહન કરાવ્યું હતું. અહીંના રોકાણની અંતિમ સત્સંગ સભામાં આશીર્વાદ આપી સ્વામીશ્રીએ સૌને કૃતાર્થ કરી દીધા હતા.

આમ, સતત ત્રણ મહિના કરતાં વધારે સમય સુધી વિવિધ ઉત્સવો અને પ્રસંગોની દિવ્ય સ્મૃતિઓનું ભાથું બાંધી આપી સ્વામીશ્રીએ તા. ૧-૬-૨૦૨૨ના રોજ અમદાવાદ જવા વિદાય લીધી. હકડેઠઠ ઊમટેલા હજારો હરિભક્તોએ સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી ત્યારે વાતાવરણ ભાવોર્મિઓથી છલકાઈ ગયું હતું.



## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો દિવ્ય સત્સંગ લાભ માણતું અમદાવાદ મહાનગર...

અમદાવાદ એટલે સાબરમતી નદીના તટે વસેલું એક પ્રાચીન મહાનગર.

અમદાવાદ અને સ્વામિનારાયણ સંપ્રદાયનો સંબંધ બસ્સો વર્ષ પુરાણો છે. પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણે ૨૫ કરતાં વધુ વખત અમદાવાદની ધરા પર પધારીને તેને તીર્થત્વ અર્પ્યું છે. અમદાવાદને સૌ પ્રથમ સ્વામિનારાયણ મંદિરની ભેટ ધરીને શ્રીહરિએ ભવિષ્યનાં હજારો ઉપાસના મંદિરોના નિર્માણનું પ્રથમ સોપાન રચ્યું હતું.

અમદાવાદની ભૂમિને ભગવાન સ્વામિનારાયણ પછી તેમના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અસંખ્યવાર પાવન કરી છે. ભગવાન સ્વામિનારાયણની પ્રાસાદિક ભૂમિ શાહીબાગમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે છ દાયકા પૂર્વે ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચ્યું તેનાં તેજરશ્મિ વિશ્વના ખૂણે ખૂણે ઉજાસ પાથરી રહ્યાં છે.

અમદાવાદની આ પ્રાસાદિક ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ભવ્યાતિભવ્ય રીતે ઊજવવાનો છે ત્યારે તેનાં અનેક આયોજનો માટે તા. ૧-૬-૨૦૨૨થી શાહીબાગ-અમદાવાદ ખાતે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું સાંનિધ્ય સંતો-ભક્તો માટે ઐતિહાસિક અવસર બની રહ્યું છે. અમદાવાદ ઉપરાંત ગુજરાતના ખૂણે ખૂણેથી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શનાર્થે પધારે છે. કોરોના મહામારીના લાંબા સમય બાદ અમદાવાદ પધારેલા સ્વામીશ્રીનું સાંનિધ્ય સૌ કોઈ માટે વિશેષ યાદગાર બની રહ્યું છે. અમદાવાદના વિવિધ પરાંવિસ્તારોમાંથી હજારો ભક્તો-ભાવિકો વહેલી સવારે પ્રાતઃપૂજાનાં દર્શને ઊમટે છે. પૂર્વેથી કરવામાં આવેલા આયોજન મુજબ જે વિસ્તારના હરિભક્તોનો વારો હોય તે વિસ્તારના હરિભક્તો, નિર્ધારિત આયોજન મુજબ સાયંકાલિન કથાશ્રવણ બાદ સ્વામીશ્રીનાં સમીપદર્શનનો લહાવો પ્રાપ્ત કરી અલૌકિક દર્શનસુખ મળ્યાનો દિવ્યાનંદ અનુભવે છે. સાયંકાળે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં યજ્ઞપુરુષ સભાગૃહમાં યોજાતી સત્સંગ સભાઓમાં સંસ્થાના વિદ્વાન સંતોના મુખેથી કથામૃતમાં અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પડછંદા ગુંજી રહ્યા છે. સમયાંતરે વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખીને યોજાતી સભામાં પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે વિશિષ્ટ કાર્યક્રમોની

*પ્રભાવક પ્રસ્તુતિ સાથે પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય સંસ્મરણોને માણતા આબાલ-વૃદ્ધ સૌ કોઈ પ્રમુખસ્વામીમય બની જાય છે. અંતે સ્વામીશ્રીનાં આશીર્વચનોથી સૌ કૃતાર્થ થાય છે. પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં અનેક દિવ્ય આધ્યાત્મિક ચેતનાને હૃદયસ્થ કરીને શ્રીનગરવાસીઓ ધન્યતાનો અનુભવ કરી રહ્યા.*

*અમદાવાદ ખાતેના રોકાણ દરમ્યાન તા. ૨-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ હિંમતનગરના લક્ષ્મીપુરા અને સન્માનપાર્ક ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ(ચિત્રપ્રતિમા)ની પ્રતિષ્ઠાવિધિ કરી હતી.*

*તા. ૪-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ કેનેડા ખાતે સ્થપાયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું દીપપ્રાગટ્ય કરીને મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું.*

*તા. ૭-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ સારંગપુર ખાતેના 'પ્રમુખસંસ્કૃતમ્ કોર્સ'નો દીપ પ્રાગટ્ય કરીને વિદ્યારંભ કરાવ્યો હતો.*

*તા. ૧૨-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ અમદાવાદ-શાહીબાગ મંદિરના પ્રદક્ષિણા પથમાં રચાયેલા ગુરુશિખરમાં પ્રતિષ્ઠિત થનારી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની નૂતન મૂર્તિની વેદોક્ત વિધિપૂર્વક પૂજન-પ્રતિષ્ઠા કરી હતી.*

*તા. ૧૪-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ ગેઈન્સવિલે(Gainesville, FL-USA) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની વેદોક્ત વિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. વળી, આજરોજ સાયંકાળે સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ સ્થળની મુલાકાત લીધી હતી. સ્વામીશ્રીએ અહીં નિર્માણ પામી રહેલાં વિવિધ પ્રકલ્પો પર કૃપાદૃષ્ટિ કરી પ્રસન્નતા વરસાવી હતી. ગુરુહરિને રાજી કરવાના તાન સાથે નિર્માણકાર્યની સેવામાં જોડાયેલા સંતો-સ્વયંસેવકો પર અમીદૃષ્ટિ કરી સ્વામીશ્રીએ અંતરના આશિષ વરસાવ્યા હતા. સૌને ખૂબ ખૂબ દર્શનસુખ આપી સ્વામીશ્રી પુનઃ શાહીબાગ મંદિરે પધાર્યા હતા.*

*અહીં, અમદાવાદ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વિવિધ ઉત્સવ-પ્રસંગોએ આપેલા સત્સંગ લાભને માણીએ...*

## ગુરુહરિનું દબદબાપૂર્વક સ્વાગત

૧લી જૂન, ૨૦૨૨નો દિવસ શ્રીનગર (અમદાવાદ)ના સંતો-હરિભક્તો માટે અતિ અતિ આનંદ-ઉત્સાહનો હતો. ગુરુહરિનાં દર્શન પિપાસુ શ્રીનગરના હરિભક્તોની આતુરતાનો અંત આજના દિને આવ્યો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સુરતથી સૌની ભાવભરી વિદાય લઈને શ્રીનગરના શાહીબાગ સ્થિત બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા. લાંબા સમયના અંતરાલ બાદ અને લાંબા સમય માટે અમદાવાદ પધારેલા સ્વામીશ્રીને સત્કારવા માટે ઉનાળાની અસહ્ય ગરમીમાં પણ હજારો હરિભક્તો ઊમટ્યા હતા. સૌના હૈયે ગુરુહરિનાં દર્શનની તાલાવેલી લાગી હતી.

સ્વામીશ્રીના આગમન પૂર્વે સભાગૃહ હરિભક્તોથી હકડેઠઠ ભરાઈ ચૂક્યો હતો. મુખ્ય મંચ પર કાચની કૅબિન સ્વામીશ્રીને પોતાના અંકમાં સમાવવા સજ્જ થઈ ચૂકી હતી. આ જ કૅબિનમાં વિરાજીને સ્વામીશ્રી હવે પછી પ્રાતઃપૂજા અને સત્સંગ સભાઓમાં સૌને દર્શનલાભ આપવાના હતા. સભાગૃહમાં અંતિમ પંક્તિમાં બેઠેલા હરિભક્તોને પણ સરળતાથી દર્શન થઈ શકે તે માટે ચાર સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

બરાબર ૬ઃ૩૦ વાગ્યે સ્વામીશ્રીનું મંદિર પરિસરમાં પદાર્પણ થયું તે સાથે જ જયજયકારોથી સમગ્ર મંદિર ગુંજી ઊઠ્યું. પારંપરિક વેશભૂષામાં સજ્જ બાળકો-કિશોરો-યુવકોએ અનેરા થનગનાટ સાથે જયનાદોથી સ્વામીશ્રીને આવકાર્યા. સૌનો સ્નેહભાવ ઝીલતાં સ્વામીશ્રી પ્રથમ ઠાકોરજીનાં દર્શને પધાર્યા. પ્રત્યેક ખંડમાં સુંદર વસ્ત્રાલંકારોમાં દર્શનદાન આપતાં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. ગુરુશિખરોમાં ગુરુવર્યોના ભાવથી દર્શન કરી સ્વામીશ્રી મંદિરની પાર્શ્વભૂમાં પધાર્યા ત્યારે અહીંનો માહોલ કંઈક અનેરો હતો. *'આજ શુભદિન આયો ધરા પર...'* કીર્તનના તાલે વિવિધ રીતે સ્વાગત આરંભાયું. ઓચ્છવીયા ભક્તો વિશિષ્ટ શૈલીમાં કીર્તનગાન કરી રહ્યા હતા. વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો-યુવકોએ વિવિધ વાદ્યોથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા. ગમનપથની બંને બાજુએ કતારબદ્ધ ઊભેલા બાળકો-કિશોરોએ પુષ્પ-પાંદડીઓની વર્ષા કરી ગુરુહરિને વધાવ્યા. સૌનો આદર-સત્કાર ઝીલતાં સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા ત્યારે આતશબાજી સાથે સ્વાગત ગીતથી

વાતાવરણ ગુંજી ઊઠ્યું. સૌએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી તાળીઓના નાદથી સ્વામીશ્રીને આવકાર્યા.

હવે, આરંભાયો મુખ્ય સ્વાગત વિધિ. સંતોએ ષોડશોપચારથી સ્વામીશ્રીનું સ્વાગત-સન્માન આરંભ્યું. પ્રથમ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ શુભભાવનાના પ્રતીકરૂપે સ્વામીશ્રીના ભાલે ચંદનનો ચાંદલો કર્યો. સ્વામીશ્રીએ પણ ઈશ્વરચરણદાસ સ્વામીના ભાલે ચાંદલો કરી રાજીપો વરસાવ્યો. ત્યારબાદ વરિષ્ઠ સંતોએ ષોડશોપચારના પ્રતીકરૂપે વિવિધ પૂજાદ્રવ્યો હરિ-ગુરુને અર્પણ કર્યાં. સાથે સાથે બાળકો-કિશોરો-યુવકો અને સત્સંગ પ્રવૃત્તિના કાર્યકરો-સ્વયંસેવકોએ પણ ઉપમંચ પરથી વિવિધ દ્રવ્યો અર્પ્યાં. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય એકદમ સારું રહે અને સૌને સત્સંગ-દર્શનનું ખૂબ ખૂબ સુખ આપે તેવી ભાવના સાથે અમદાવાદ મંદિરના કોઠારી ધર્મતિલકદાસ સ્વામીએ સતત પાંચ દિવસ નિર્જળ ઉપવાસ કરી ભક્તિ અદા કરી હતી. સ્વામીશ્રીના આગમન નિમિત્તે અન્ય ઘણા સંતો-હરિભક્તોએ વિશિષ્ટ વ્રત-તપ કર્યાં હતાં. એ સૌ તથા સમગ્ર અમદાવાદના સત્સંગ સમુદાય વતી ધર્મતિલકદાસ સ્વામીએ સ્વામીશ્રીના સુસ્વાસ્થ્યની કામના સાથે સ્વામીશ્રીને કાંડે નાડાછડી બાંધી શુભભાવના વ્યક્ત કરી.

સ્વાગતવિધિના અંતિમ ચરણમાં અન્ય વરિષ્ઠ સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ ને પ્રમુખસ્વામી મહારાજના પ્રગટ સ્વરૂપ સમા સ્વામીશ્રીની આરતી ઉતારી જ્યોતિ-અર્ઘ્ય અર્પ્યું હતું.

સૌનું સહર્ષ સ્વાગત-સન્માન સ્વીકારી સ્વામીશ્રીએ શ્રીનગરના ભક્તોને આશીર્વાદના અમૃતથી અભિષિક્ત કરીને શ્રીજીમહારાજના સર્વોપરિપણાનો મહિમા કહ્યો અને ગુણાતીત ગુરુઓ દ્વારા શ્રીજીમહારાજે આ પરંપરા ચાલુ રાખી છે. એમ કહી સૌને દર્શન-આશિષથી લાભાન્વિત કર્યા હતા.

## પ્રમુખવરણી દિન

તા. ૩-૬-૨૦૨૨, જેઠ સુદ ચોથ એટલે તિથિ પ્રમાણે બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વરણી થઈ તે ઐતિહાસિક દિન.

આજથી ૭૨ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અમદાવાદ ખાતે આંબલીવાળી પોળમાં ૨૮ વર્ષના નવયુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ નીમ્યા હતા. આ દિનનું સંસ્થામાં ખૂબ જ મહત્ત્વ છે. આજે હજારો હરિભક્તો આ મહાપ્રાસદિક સ્થાન આંબલીવાળી પોળ (યજ્ઞપુરુષ પોળ)માં દર્શનાર્થે




ઊમટે છે. અને પોતાના શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે પ્રમુખસ્વામી મહારાજને ચાદર અર્પણ કરે છે.

આજના દિને સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં શાહીબાગ મંદિરે ઉત્સવનો માહોલ છવાયો હતો. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં અને મંદિરમાં ઠાકોરજી સમક્ષ જાતજાતની કેરીઓનો કૂટ રચવામાં આવ્યો હતો. હજારો હરિભક્તોએ આ વિશિષ્ટ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

સાયંકાળે યજ્ઞપુરુષ સભાગૃહમાં 'પ્રમુખવરણીનું પંચામૃત' કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલી વિશિષ્ટ સભાના પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ 'નિર્ગુણરંગી ચાદરિયા' વિષયક કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

સભામાં સ્વામીશ્રીના આગમન બાદ વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ થઈ. બી.એ.પી.એસ.નાં વિવિધ છાત્રાલયોના પૂર્વછાત્રોએ આદર્શજીવનદાસ સ્વામી લિખિત સંવાદ રજૂ કર્યો હતો. પ્રમુખસ્વામી મહારાજના પંચામૃતરૂપી ગુણોઃ સેવા-સમર્પણ-સ્નેહ-પ્રતિભા-પ્રતિજ્ઞાનું વિવિધ પ્રસંગો દ્વારા દર્શન કરાવ્યું હતું. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ 'શાસ્ત્રીજી મહારાજનું પ્રમુખસ્વામી મહારાજ ઉપર અપાર હેત' વિષયક પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો.

અંતમાં પ્રમુખસ્વામી મહારાજના ગુણગાન ગાતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''પ્રમુખવરણી દિને સ્વામીબાપાએ લીધેલી પ્રતિજ્ઞા જીવનના છેલ્લા શ્વાસ સુધી સારધાર પાળી. એકધારું જીવન જીવ્યા. અને કેટલું બધું કાર્ય કર્યુ છે! અઢળક પધરામણીઓ કરીને બધાને ખૂબ રાજી કર્યા છે. બધાં ક્ષેત્રોમાં કામ

કર્યું છે. મારા માટે તો કાંઈ બાકી રાખ્યું નથી. સંતો-હરિભક્તો બધા પડતો બોલ ઝીલી લે એવા પકવ્યા છે. એટલે સ્વામીબાપા બધી રીતે સાનુકૂળ કરી ગયા છે.''

આમ, સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજનાં કાર્યોને બિરદાવતાં ભાવઅર્ઘ્ય અર્પ્યું હતું.

અંતે, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્વરૂપે સત્સંગ-દર્શનનું સુખ આપી રહેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને વરણીદિનની સ્મૃતિઓ કરાવતા કલાત્મક હાર અને ચાદર વરિષ્ઠ સંતોએ અર્પણ કર્યાં હતાં.

સભાગૃહમાં બેઠેલા હજારો હરિભક્તો આજના વિશિષ્ટ કાર્યક્રમને માણી અહોભાગી બન્યા હતા.

## રવિસભા

તા. ૫-૬-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી પ્રથમ રવિસભાનો લાભ લેવા માટે અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટ્યા હતા. બંને સભાગૃહો હકડેઠઠ ભરાઈ ચૂક્યા હતા.

*'એક સમે અમદાવાદમાં...'* મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી સભાનો પ્રારંભ સંગીતજ્ઞ યુવકવૃંદે ઉત્સવને અનરૂપ કીર્તન-ભક્તિથી કરાવ્યો. આજની કથાવાર્તામાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ *'સ્વામિનારાયણ સંપ્રદાયમાં અમદાવાદનું પ્રદાન'* વિષયક પ્રસંગોનું રસપાન કરાવ્યું હતું.

સ્વામીશ્રીના આગમન બાદ *'આજ આનંદ મારા ઉરમાં...'* અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજે અમદાવાદના આંગણે આપેલી દિવ્ય સ્મૃતિઓમાં અવગાહન કરાવતો રસપ્રદ સંવાદ રજૂ થયો હતો. જેમાં, અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજે ઊજવેલા ઉત્સવ-સમૈયાની ઝાંખીની સાથે સાથે બાળકો-યુવકો-વડીલોને સ્વામીશ્રીએ અનહદ સુખ આપ્યું હતું તેની સ્મૃતિ દૃશ્ય-શ્રાવ્યના માધ્યમથી કરવામાં આવી હતી. સમાજ, દેશ, સંસ્થા અને સત્પુરુષની સેવા કરનાર ચારિત્ર્યવાન યુવકોએ સ્વમુખે સ્વામીશ્રીની વાત્સલ્યવર્ષામાં સૌને ભીંજવ્યા હતા. અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોના ઘરે ઘરે પધરામણીઓ કરીને તથા વ્યક્તિગત મુલાકાતો આપીને અઢળક સુખ આપ્યું હતું. સૌના સ્વજન બનીને સુખ-દુઃખમાં સાથે રહેનાર પ્રમુખસ્વામી મહારાજની અમદાવાદ ખાતેની સ્મૃતિઓનો સમય આજે પ્રત્યક્ષ દૃશ્યમાન થઈ રહ્યો હતો.

અમદાવાદ ઉપરનું પ્રમુખસ્વામી મહારાજનું ઋણ ચૂકવી શકાય તેમ નથી. સ્વામીશ્રીએ અમદાવાદને ૪૨ બી.એ.પી.એસ. મંદિરો તેમજ સેંકડો બાળ-યુવા-મહિલા-સંયુક્ત સત્સંગ મંડળોની ભેટ આપી સત્સંગને નવપલ્લવિત રાખ્યો છે. અમદાવાદમાં જ તા. ૨૦-૭-૨૦૧૨ના રોજ પ્રમુખસ્વામી મહારાજે મહંત સ્વામી મહારાજની ગુરુપદે નિયુક્તિ કરતો સ્વહસ્તે પત્ર લખી અમદાવાદને વધુ એક ઇતિહાસનું સાક્ષી બનાવ્યું હતું.

આમ, પ્રમુખસ્વામી મહારાજની અસંખ્ય સ્મૃતિઓને પોતાના અંકમાં સમાવીને બેઠેલ અમદાવાદના નકશા પર હસ્તાક્ષર કરીને સ્વામીશ્રીએ સમગ્ર શહેર પર આશીર્વાદ વરસાવ્યા હતા.

અંતમાં સ્વામીશ્રીએ આજના કાર્યક્રમને આનંદપૂર્વક બિરદાવ્યો અને વિશેષમાં જણાવ્યું, ''યોગીજી મહારાજે અહીં સત્તર વખત યુવકમંડળની સ્થાપના કરી છે. પહેલી વખતની સ્થાપના સમયે જેવો ઉત્સાહ-ઉમંગ હતો એવો જ ઉત્સાહ અને ઉમંગ સત્તરમી વખતે પણ હતો. અને પ્રમુખસ્વામી મહારાજનો પણ એવો જ ઉત્સાહ. અહીં બધાને પારાવાર સુખ આપ્યું છે. આ સુખ જેને મળ્યું તે ભૂલી શકે તેમ નથી. બધાને ખૂબ પ્રોત્સાહિત કર્યા છે.'

ત્યારપછી સ્વામીશ્રીએ અહીંની એક વિશેષ પ્રસંગની સ્મૃતિ કરતાં કહ્યું, 'અમદાવાદ મંદિરમાં હરિકૃષ્ણ મહારાજના ખંડની સામે યોગીબાપાએ પ્રમુખસ્વામી મહારાજ અને મને (મહંત સ્વામી મહારાજ) ભેગા કર્યા અને કહ્યું, 'તમારા દ્વારા આ સંસ્થા ચાલશે.' આ રીતે બધાને અંગત સુખ આપ્યું છે. બધા ન્યાલ થઈ ગયા, અક્ષરધામમાં બેસી ગયા છીએ.''

આજે સ્વામીશ્રીના સાંનિધ્યમાં અમદાવાદ ખાતેની પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓમાં સૌ એવા તો ખોવાઈ ગયા હતા કે ત્રણ કલાકનો સમય ક્યાં વીતી ગયો તેનું પણ ભાન રહ્યું નહોતું!

## સંત શિબિર

તા. ૯, ૧૦, ૧૧ અને ૧૫, ૧૬, ૧૭ જૂનના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન નિશ્રામાં 'શાનદાર સેવા' કેન્દ્રવર્તી વિચાર સાથે સંતશિબિર યોજાઈ હતી. બે ચરણમાં યોજાયેલી આ સંતશિબિરમાં સંસ્થાના વરિષ્ઠ સંતોના મુખેથી કથાવાર્તાનો લાભ સૌ શિબિરાર્થી સંતોને પ્રાપ્ત થયો હતો. સ્વામીશ્રીએ શિબિરસત્રમાં પધારીને સંસ્થાના તમામ સંતોને દર્શનની સાથે સાથે અલૌકિક અધ્યાત્મજ્ઞાનનું ભાથું બંધાવ્યું હતું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# સૌરાષ્ટ્રના અમરેલી શહેર ખાતે રચાનાર નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસવિધિ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સૌરાષ્ટ્રના અમરેલી ખાતે આકાર લેનાર નૂતન પંચશિખરીય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસવિધિ તા. ૧-૬-૨૦૨૨ના રોજ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિમાં શાનદાર રીતે યોજાઈ ગયો.

અમરેલી એટલે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના અપાર પ્રેમ, પક્ષ અને પદરજથી પાવન થયેલી ભૂમિ. ભગવાન સ્વામિનારાયણના સમયથી અને ગુણાતીત ગુરુવર્યોના સાંનિધ્યથી આ ભૂમિ પાવન થતી રહી છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પોતાની અંતિમ અવસ્થામાં અમરેલી શહેરના માણેકપરા વિસ્તારમાં હરિમંદિરનો ખાતવિધિ કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ હરિમંદિરનો પ્રતિષ્ઠાવિધિ સન ૧૯૮૫માં કરી, અહીંના સત્સંગનો વિકાસ કર્યો હતો.

ત્યાર પૂર્વે અને પછી પણ પ્રમુખસ્વામી મહારાજ અવારનવાર અમરેલીમાં પધારી સત્સંગને પોષણ આપતા રહ્યા. તેઓની પ્રેરણાથી, સંતોના નિયમિત વિચરણની સાથે સત્સંગસભા, ઉત્સવ-પારાયણ અને વિવિધ સેવાલક્ષી કાર્યક્રમો યોજાતાં રહ્યાં. સત્સંગની અભિવૃદ્ધિ થતાં એક સુવિધાસજ્જ નૂતન શિખરબદ્ધ મંદિરની આવશ્યકતા ઊભી થઈ. અમરેલી શહેરના મધ્યમાં ગાંધીબાગની પાછળ, તારવાડી વોટર વર્ક્સની બાજુમાં આવેલી શ્રી નરશીભાઈ રૂડાભાઈએ પોતાની ભૂમિ મંદિર માટે પ્રમુખસ્વામી મહારાજને અર્પણ કરી હતી. સ્વામીશ્રીએ સન ૨૦૦૩માં આ ભૂમિ પર પધારી, પુષ્પો પધરાવી, મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો હતો.

આ મંદિર સંકુલના પ્રથમ ચરણમાં મંદિરના સંતઆશ્રમ, સભામંડપ, ભોજનાલય, યાત્રિક ઉતારા, ઑફિસ કોમ્પ્લેક્ષ વગેરેનો ખાતવિધિ તા. ૧૮-૨-૨૦૧૮ના રોજ થયો. ત્યારબાદ તા. ૧૮-૧૦-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ ભૂમિ ઉપર પધારીને પાવન કરી.

મંદિર સંકુલના કાર્ય ઉપર આશીર્વાદ વરસાવ્યા. ગત ચાર વર્ષ કોરોનાનો સમયગાળો હોવા છતાં મંદિર સંકુલના પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થયું. અને હવે પંચ શિખરયુક્ત સુંદર કલાત્મક મંદિર નિર્માણના આરંભરૂપે શિલાન્યાસ ઉત્સવનો અવસર આવી ગયો.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે તા. ૭-૫-૨૦૨૨ના રોજ કણાદ(સુરત) ખાતે અમરેલીના સંતો-ભક્તોની હાજરીમાં શિલાઓનું પૂજન કરી, આશીર્વાદ આપતાં જણાવ્યું કે, 'આ મંદિરથી સત્સંગ વધશે, ડંકો વાગશે.' પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં આ આશીર્વચનો સાકાર થતાં હોય તેમ શિલાન્યાસ વિધિમાં ખૂબ જ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો જોડાયા હતા.

તા. ૧ જૂન, ૨૦૨૨ના સુપ્રભાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પૂજન કરેલી શિલાઓનો સ્થાપનવિધિ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. શિલાન્યાસ વિધિનો પ્રારંભ વિશાળ ગર્તમાં રચિત શમિયાણામાં વેદોક્ત મહાપૂજાથી થયો. વેદોક્ત વિધિપૂર્વક સદ્‌ગુરુ સંતોના હસ્તે સ્વામીશ્રીએ પૂજેલી શિલાઓ અને નિધિકુંભને અંતઃગર્તમાં પધરાવવામાં આવ્યાં. મુખ્ય યજમાન શ્રી કુમારભાઈ પૂજારા, શ્રી ધનજીભાઈ ટાંક તથા અન્ય યજમાનોએ સુવર્ણરસિત લેલા વડે સિમેન્ટ-રેતીનો માલ અંતગર્તમાં પધરાવીને આ ઐતિહાસિક મંદિરના નિર્માણકાર્યનો શુભારંભ કર્યો.

ત્યારબાદ પ્રાસંગિક સભા મંદિર સંકુલમાં આવેલા વિશાળ વાતાનુકૂલિત 'ગુણાતીત સભાગૃહ'માં યોજાઈ. શિશુમંડળના બાળકોના સ્વાગતનૃત્યથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. પૂજ્ય અનિર્દેશદાસ સ્વામીએ 'સંસ્કૃતિના આધારસ્તંભ - મંદિરો' એ વિષયક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સદ્‌ગુરુ સંતોએ પ્રેરક પ્રવચનોથી મંદિર નિર્માણમાં સમર્પિત થઈ ચૈતન્ય મંદિરોનું નિર્માણ થાય તેવાં આશીર્વચનો પાઠવ્યાં હતાં.

આ ઉત્સવ સભામાં અમરેલી વિસ્તારમાં પૂર્વે વિચરણ કરનાર સંતો તથા અમરેલી તથા આજુબાજુના ગ્રામ્યવિસ્તારોમાંથી હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગની પૂર્વ સંધ્યાએ ભારતના કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, સાંસદ શ્રી નારણભાઈ કાછડિયા તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

અમરેલી શહેરની મધ્યમાં અમરેલી પંથકના નજરાણા સમાન કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર વિવિધ સુવિધાઓથી સજ્જ હશે. મંદિરની સાથે સાથે સંકળાયેલ ગાંધીબાગનું સંચાલન પણ નગરપાલિકા દ્વારા સંસ્થાને સોંપવામાં આવ્યું છે. તેના નવીનીકરણનું કાર્ય પૂર્ણતાને આરે હોઈ, સંસ્થા દ્વારા આ બગીચાનો કાયાકલ્પ કરી, નયનરમ્ય બગીચાનું લોકાર્પણ પણ ટૂંક સમયમાં થશે.

ગઢડા મંદિરના કોઠારી અધ્યાત્મસ્વરૂપદાસ સ્વામી, સ્થાનિક વિસ્તારમાં વર્ષોથી વિચરણ કરી રહેલા સાધુચરિતદાસ સ્વામી અને દિવ્યવિગ્રહદાસ સ્વામી, મંદિર નિર્માણનું કાર્ય સંભાળી રહેલા વિનયજીવનદાસ સ્વામી, યોગવીરદાસ સ્વામીના માર્ગદર્શન નીચે સ્થાનિક કાર્યકરો તથા હરિભક્તોના ભક્તિમય પુરુષાર્થથી શિલાન્યાસ ઉત્સવ દીપી ઊઠ્યો હતો.

આમ, સૌરાષ્ટ્રની અમરવલ્લી ગણાતા અમરેલી શહેરમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નિર્માણકાર્યનો પ્રારંભ થતાં જ સૌરાષ્ટ્રના સોનેરી ઇતિહાસમાં વધુ એક અનુપમ પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ◆





# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...




મંદિર એ સનાતન હિન્દુ ધર્મનો આધારસ્તંભ છે. આ આધારસ્તંભ તરીકે નૈતિક-આધ્યાત્મિક ઉત્કર્ષનાં અનેકવિધ સેવાકાર્યોની ભાગીરથી વહાવતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું શત શત વર્ષોથી સમાજમાં અનેરું યોગદાન રહ્યું છે. એટલે જ છેલ્લાં સો સો વર્ષોથી આ બી.એ.પી.એસ. મંદિરોની શૃંખલા દેશ-વિદેશમાં વિસ્તરતી રહી છે. જગતભરમાં ૧૧૦૦થી વધુ મંદિરોનું નિર્માણ કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ વર્ષે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તાજેતરમાં અટલાદરા અને સુરતના રોકાણ દરમ્યાન પાંચ માસના સમય-અંતરાલમાં, કુલ ૪૮ બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની વેદોક્તવિધિપૂર્વક પ્રાણ-પ્રતિષ્ઠા કરી હતી. તે પૈકી કેટલાંક ગામો-શહેરોના વિસ્તારોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો શાનદાર રીતે યોજાઈ ગયા. તે ઉત્સવોની એક ઝલક અહીં પ્રસ્તુત છે. અન્ય શિયાવાડા, વડોદરા, એરથાણ, કપાસી, લીરા (યુગાન્ડા) અને થીકા (કેન્યા) ખાતે યોજાયેલા ઉત્સવોને આગામી અંકે માણીશું...

## વચલીભીંત ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોડેલી ક્ષેત્રના છોટા ઉદેપુર તાલુકાના વચલીભીંત ગામના સંનિષ્ઠ શિક્ષક શ્રી બલસિંગભાઈ ધનાભાઈ રાઠવા અને અશોકભાઈ અરવિંદભાઈ રાઠવાએ વર્ષો પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કર્યાં, ત્યારથી તેઓના ભક્તિસભર ઉત્સાહથી ગામમાં સત્સંગનો આરંભ થયો હતો. આ ક્ષેત્રમાં વર્ષોથી વિચરણ કરતા દિવ્યસ્વરૂપદાસ સ્વામી અને વર્ણીનાથદાસ સ્વામીએ અહીં પધારીને ભક્તિને પોષણ આપ્યું. સંતોના યોગે બલસિંગભાઈ સત્સંગમાં જોડાયા. તે અરસામાં તેમના એક પછી એક નવ કુટુંબીજનો અક્ષરનિવાસી થયા. કેટલાક લોકો તેને કારણે મેણાંટોણાં મારવા લાગ્યા, પરંતુ

બલસિંગભાઈ અને પરિવારજનો આજ્ઞા, ઉપાસના અને નિયમધર્મમાં અચળ રહ્યા અને તેમની નિષ્ઠા વધુ ને વધુ દૃઢ થતી ગઈ. એટલું જ નહીં, તેમણે મંદિર માટે ભૂમિ પણ અર્પણ કરી. શ્રી વરસનભાઈ, સમસિંગભાઈ, જીવનભાઈ, ઘનશ્યામભાઈ(સરપંચ) વગેરે ભક્તોએ સંતોના માર્ગદર્શન હેઠળ મંદિરનું બાંધકામ શરૂ કર્યું. કુંડળ ક્ષેત્રના હરિભક્તો પણ તન, મન, ધનથી આ સેવામાં જોડાયા. વિશેષ સેવા શ્રી ચંદ્રકાંતભાઈ અમીન અને શ્રી જિજ્ઞાસાબહેન અમીને ભક્તિભાવથી કરી અને સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૮-૩-૨૦૨૨ના મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. સૌના અપાર આનંદ વચ્ચે જયનાદો ગુંજાવતી આ શોભાયાત્રાએ આસપાસનાં ગામોમાં આધ્યાત્મિક ઓજસ પાથર્યાં હતાં.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ૧૦-૮-૨૦૧૮ના રોજ બોડેલી ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૩-૨૦૨૨ના રોજ સુપ્રભાતે વેદોક્ત મહાપૂજાવિધિ સાથે પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. બાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને ભાવિક-ભક્તોને મંદિર અને સત્સંગનો વિશેષ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

### સરિતા સોસા. (ભાવનગર)માં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સંસ્કારનગરી તરીકે વિખ્યાત ભાવનગર શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અપાર પુરુષાર્થ કરીને સન ૨૦૦૬માં શિખરબદ્ધ મંદિરની ભેટ આપી ત્યારથી ભાવનગર અને આજુબાજુના ગ્રામ્યપ્રદેશમાં સત્સંગની સતત અભિવૃદ્ધિ થઈ રહી છે. તેના પરિપાકરૂપે તાજેતરમાં ભાવનગર શહેરની સરિતા સોસાયટીમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ યોજાઈ ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૩-૨૦૨૨ના રોજ સર્વેનું શુભ થાય એ હેતુથી વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. સુપ્રભાતે પૂજ્ય સંતો અને બ્રાહ્મણોએ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો. વેદમંત્રોથી પવિત્ર બનેલા વાતાવરણમાં માંગલિક વસ્ત્રોમાં સજ્જ ૧૭૧ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી. સાંજે પાંચ વાગ્યે કલાત્મક રથોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર નગરયાત્રાનો પ્રારંભ સંતો અને શહેરના અગ્રણી મહાનુભાવોએ ઠાકોરજીનું વિધિવત્ પૂજન કરીને કરાવ્યો. અનેકવિધ આકર્ષણોથી યુક્ત આ ભક્તિયાત્રા સૌનાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઠેર ઠેર દર્શનાર્થીએ ઠાકોરજીનું સ્વાગત-પૂજન કરી પુષ્પવર્ષા કરી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૬-૧૦-૨૦૨૧ના રોજ સારંગપુરમાં વેદોક્ત-વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો આ નવનિર્મિત મંદિરમાં સ્થાપનવિધિ તા. ૨૭-૩-૨૦૨૨ના રોજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સોમપ્રકાશદાસ સ્વામી દ્વારા મહાપૂજાવિધિ બાદ સંપન્ન થયો હતો.

પ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સમારોહમાં શહેર ભાજપ પ્રમુખ રાજીવભાઈ પંડ્યા, પૂર્વ ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, વિરોધ પક્ષના નેતા જયદીપસિંહ ગોહિલ તથા હીરાઉદ્યોગના અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આનંદસ્વરૂપદાસ સ્વામીએ ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધાર સમાં મંદિર અને સંતનો મહિમા વર્ણવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કાળિયાબીડ વિસ્તારની અક્ષરધામ સોસાયટી ખાતેના મંદિરમાં પુનઃપ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો. તા. ૨૬-૧૦-૨૦૨૧ના રોજ સારંગપુરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૯-૨-૨૦૨૨ના શુભ દિવસે પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી, સોમપ્રકાશદાસ સ્વામી અને યોગવિજયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ મંદિરમાં વિશેષ સેવા શ્રી દર્શનભાઈ દિનેશભાઈ ગઢાળી અને કાળુભાઈ લાઠિયાની રહી હતી.

ભાવનગરની સરિતા સોસાયટી તેમજ અક્ષરધામ સોસાયટીમાં નૂતન મંદિરોની પ્રતિષ્ઠાવિધિ પ્રસંગે શોભાયાત્રા તથા વેદોક્તવિધિ.





## કક્કાલુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તામિલનાડુ રાજ્યના તિરુવલ્લુવર જિલ્લાના કક્કાલુર ગામમાં સંતોના વિચરણથી સત્સંગની શરૂઆત થઈ હતી. દક્ષિણ ભારતના ચેન્નાઈ મહાનગરથી ૪૫ કિ.મી દૂર આવેલા આ કક્કાલુર ગામમાં હરિભક્તોનાં નિયમધર્મયુક્ત વર્તન અને નિઃસ્વાર્થ સેવાભાવનાથી સ્થાનિક લોકોમાં વિશેષ સદ્‌ભાવ પ્રગટ્યો છે. સત્સંગવિકાસના પરિણામે અહીં મંદિરની આવશ્યકતા ઊભી થઈ અને સૌના સહિયારા પુરુષાર્થથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાઈ ગયું. તાજેતરમાં તેનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ યોજાયેલી શોભાયાત્રાનો પ્રારંભ પૂજ્ય સંતો અને સ્થાનિક અગ્રણી શ્રી અરવિંદભાઈ પંચાલે ઠાકોરજીનું પૂજન કરીને કરાવ્યો. સુશોભિત રથોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સત્પુરુષોની મૂર્તિ સૌને દર્શનદાન આપી રહી હતી. પારંપરિક તામિલવાદ્યોમાં ભજનગાન કરતા યુવકો, સંસ્કૃતમાં મંત્રોચ્ચાર કરતાં વીર રાઘવન પાઠશાળાનાં બાળકો, મસ્તક ઉપર કળશ અને સદ્‌ગ્રંથોની પોથીઓ ધારણ કરીને ચાલતાં બહેનો ઉપરાંત અનેકવિધ આકર્ષણોયુક્ત આ શોભાયાત્રાએ કક્કાલુરમાં ભક્તિની અનોખી રંગત જમાવી હતી. પાંચ કિ.મી. નીસરેલી આ શોભાયાત્રાને સૌએ ઠેર ઠેર વધાવી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે તા. ૮-૩-૨૦૨૨ના રોજ કક્કાલુર ખાતે પ્રસ્થાપિત થનાર મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ પૂજ્ય યજ્ઞેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલી વેદોક્ત મહાપૂજાવિધિમાં ૨૦૦થી વધુ યજમાનોએ પૂજાવિધિનો લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી.





દક્ષિણ ભારતના ચેન્નાઈ પાસે કક્કાલુર ગામે મૂર્તિપ્રતિષ્ઠા અવસરની સ્મૃતિછબિઓ.

## પિપળિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાનાં પિપળિયા ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સન ૧૯૯૮થી સત્સંગની સરવાણી વહેતી થઈ હતી. અટલાદરા મંદિરથી યજ્ઞદર્શનદાસ સ્વામી અને શુભચરિતદાસ સ્વામીના સતત વિચરણથી ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહેલા સત્સંગને વિશેષ પરિપોષિત કરવા માટે અહીં નૂતન મંદિરની આવશ્યકતા જણાઈ. સંનિષ્ઠ હરિભક્ત શ્રી ભાઈલાલભાઈ પટેલે પોતાની ભૂમિ મંદિર માટે ભક્તિભાવથી અર્પણ કરી અને મંદિર નિર્માણકાર્ય શરૂ થયું. સેવાનિષ્ઠ હરિભક્તોના ભક્તિભર્યા પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું અને તેનો પ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૬-૪-૨૦૨૨ના રોજ યોજાયેલી મૂર્તિઓની શોભાયાત્રામાં સૌ ગામજનો ભક્તિભાવપૂર્વક સામેલ થયા હતા. તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ ગોંડલમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે પિપળિયા ખાતે પ્રસ્થાપિત થનાર મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ સુપ્રભાતે પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. આ પ્રસંગે યોજાયેલી વેદોક્ત મહાપૂજાવિધિમાં ૧,૦૩૫ યજમાન ભક્તો સંમિલિત થયા હતા. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ મંદિર અને સત્પુરુષનો મહિમા વર્ણવીને

ગામની સુખાકારી માટે વિશેષ પ્રાર્થના કરી હતી. આ સભામાં મંદિર નિર્માણકાર્યમાં સેવા અર્પનાર હરિભક્તોને સંતોએ સન્માનિત કર્યા હતા.

## મેમકા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પવિત્ર પદારવિંદથી પાવન થયેલી ઝાલાવાડની ધરતી પર, સુરેન્દ્રનગર જિલ્લાના મેમકા ગામે શ્રીહરિએ આઠ વખત પધરામણી કરી હતી. તે વખતથી જ અહીં સત્સંગની શરૂઆત થઈ હતી. વર્ષો પૂર્વે શ્રી લલિતભાઈ હરજીભાઈએ ભૂમિ અર્પણ કરતાં ત્યાં નિર્માણ પામેલા મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજે તા. ૭-૩-૧૯૭૫ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. સન ૧૯૭૯માં તેઓએ બહેનોના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. વર્ષો સુધી આ મંદિરો ગામજનો માટે સત્સંગ અને ભજન-ભક્તિ કરવાનું ઉત્તમ સ્થાન બની રહ્યાં. કષ્ટો વેઠીને સ્વામીશ્રીએ આ વિસ્તારમાં કરેલા વિચરણ ઉપરાંત તેઓની આજ્ઞાથી અ.નિ. હરિપ્રકાશદાસ સ્વામી, ઘનશ્યામચરણદાસ સ્વામી, મુકુંદજીવનદાસ સ્વામી તથા આનંદપ્રકાશદાસ સ્વામી વગેરે સંતોએ વર્ષોથી અહીં વિચરણ કરીને સત્સંગને વેગવંતો રાખ્યો છે. પરિણામે અહીં સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા જણાઈ અને તેની કાર્યવાહી શરૂ થઈ. પૂર્વે પ્રતિષ્ઠિત થયેલા મંદિરની બાજુમાં જ વિશેષ ભૂમિ શ્રી નટુભાઈ વડગામાના સહયોગથી પ્રાપ્ત થઈ. તા. ૨૦-૨-૨૦૨૧ના રોજ ખાતવિધિ ઉત્સવ યોજાયો અને માત્ર એક વર્ષમાં મંદિરનિર્માણ સંપન્ન થઈ ગયું. બાંધકામમાં આનંદનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અંબારામભાઈ જાદવ, મહોબતસિંહ ઝાલા, દલીચંદભાઈ પટેલ, ગોરધનભાઈ, ગંગારામભાઈ, કાળુભાઈ, જસમતભાઈ, માનસિંગભાઈ, હિતેશભાઈ વગેરે હરિભક્તોએ નિઃસ્વાર્થ ભાવે સેવા કરી. આમ, સૌના સહિયારા પ્રયત્નથી સુંદર મંદિર નિર્માણ પામ્યું.

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૪-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૧૫૦થી વધારે યજમાનોએ યજ્ઞવિધિમાં આહુતિ અર્પી સૌના યોગ-ક્ષેમની મંગલ પ્રાર્થનાઓ કરી હતી. અપરાહ્‌ને મહિલામંડળ દ્વારા મહિલા સંમેલન યોજાયું હતું. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ ત્યારે સૌ ગ્રામજનો તેનાં દર્શન કરી ધન્ય બન્યા હતા.

મેમકા ખાતે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૩-૨-૨૦૨૨ના રોજ અટલાદરા ખાતે કર્યો હતો. તેનો સ્થાપનવિધિ તા. ૨૨-૪-૨૦૨૨ના રોજ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

સુરેન્દ્રનગર મંદિરના કોઠારી ધર્મચિંતનદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા પૂર્ણચિંતનદાસ સ્વામી તથા નિત્યમંગલદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની અનેરી સેવાભક્તિથી સમગ્ર કાર્યક્રમ ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.





વડોદરા જિલ્લાના પીપળિયા ગામે નવનિર્મિત મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે મંદિર અને પ્રાસંગિક સમારોહની સ્મૃતિછબિઓ.

## અંબાલી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

યુગોથી વહેતી નર્મદા નદીના તટે વિચરણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠ વર્ણી વેશે વિચરણ કરીને તીર્થત્વ બક્ષ્યું હતું. એવા પ્રાસાદિક નર્મદા તટે વસેલા અંબાલી ગામમાં કેશવલાલ અને તેઓનાં ધર્મપત્ની રાજબાઈનો અનન્ય ભક્તિભાવ જોઈને નીલકંઠવર્ણીએ

સાત દિવસ સુધી તેમના ઘરે દૂધ ગ્રહણ કર્યું હતું. તે જ પ્રાસાદિક સ્થાન પર પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાયું છે. તેનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તાજેતરમાં યોજાઈ ગયો.

રાજબાઈના વંશજ શ્રી વસંતભાઈ મણિભાઈ ગુપ્તા, વિનુભાઈ મણિભાઈ ગુપ્તા, ઠાકોરભાઈ મણિભાઈ ગુપ્તા, મૂર્તિઓનો સ્થાપનવિધિ જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૪-૫-૨૦૨૨ના રોજ ધામધૂમપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં સ્થાનિક લોકનેતાઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંતોએ આશીર્વચન પાઠવીને મંદિર-નિર્માણમાં સહયોગ આપનાર હરિભક્તોની સેવાને બિરદાવી હતી.





ઝાલાવાડના મેમકા ગામે (ડાબે), બોડેલી ક્ષેત્રના પાદરવાંટ ગામે (જમણે) તથા અંબાલી (નીચે) નવનિર્મિત મંદિરનાં સ્મૃતિદૃશ્યો.

જગદીશભાઈ મણિભાઈ ગુપ્તાએ આ પ્રાસાદિક ભૂમિ મંદિર માટે અર્પણ કરી. આ મંદિર બાંધકામની સેવા અ.નિ. શ્રી રોહિતભાઈ પટેલ તથા શ્રી મનુભાઈ પટેલે કરી. અહીં વિચરણ કરતા આનંદતીર્થદાસ સ્વામી અને શ્રીજીપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ દિલીપભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, ડૉ. ચંદ્રકાંતભાઈએ વિશેષ સેવા કરી. સત્સંગમંડળ, બાળમંડળ તથા મહિલામંડળે મંદિર બાંધકામ અને પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારીઓમાં ભીડાસભર સેવા કરી હતી.

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે અખાત્રીજના રોજ પ્રાસાદિક અનસૂયામાતાના મંદિરથી નીકળેલી શોભાયાત્રા નીલકંઠ વર્ણીના પગલે પગલે નૂતન મંદિર સુધી યોજાઈ હતી.

તા. ૨૯-૧૨-૨૧ના રોજ અટલાદરા મુકામે મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શ્રી નીલકંઠવર્ણી મહારાજ તથા ગુરુપરંપરાની પ્રતિષ્ઠિત થયેલી



## પાદરવાંટ-ઓલીઆંબા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બોડેલી ક્ષેત્રના છોટા ઉદેપુર તાલુકાના પાદરવાંટ-ઓલીઆંબા ગામમાં પૂજ્ય દિવ્યસ્વરૂપદાસ સ્વામી, વર્ણીનાથદાસ સ્વામી અને સંતોએ સતત વિચરણ કરીને સત્સંગની શરૂઆત કરી હતી. ધીમે ધીમે સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરનાં પગરણ મંડાયાં. શ્રી રસિકભાઈના પરિવારે ઉત્સાહથી મંદિર માટે ભૂમિ અર્પણ કરી હતી.

શ્રી માલસિંગભાઈ, ભૂરસિંગભાઈ, વિશાલભાઈ, કિશોરભાઈ, અરવિંદભાઈ વગેરે હરિભક્તોએ ચણતર, પ્લાસ્ટર અને કલરકામની સેવા જાતે કરી. સાથે સાથે મહિલા મંડળે પણ વિવિધ સેવા ખંતપૂર્વક કરી. શ્રી બચુભાઈએ પ્રતિષ્ઠા પછી મંદિરમાં ઠાકોરજીની પૂજા-સેવા કરવાનો સંકલ્પ કર્યો. સરપંચ શ્રી કિશોરભાઈ અને તેજગઢ ક્ષેત્રના હરિભક્તો તરફથી પણ ખૂબ જ સહકાર મળવાથી સુંદર મંદિર નિર્માણ પામ્યું. બોડેલી મંદિરના કોઠારી વર્ણીનાથદાસ,

અહીં વિચરણ કરતા ધર્મસાગરદાસ સ્વામી તથા સેવાનિધિદાસ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે હરિભક્તો ખૂબ જ ઉત્સાહથી પ્રતિષ્ઠાની તૈયારીમાં જોડાઈ ગયા.

તા. ૭-૫-૨૦૨૨ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે સંતો અને ભક્તોના ઉત્સાહ વચ્ચે મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ, તે પાદરવાંટ ને ઓલીઆંબા ગામમાંથી પસાર થઈને નૂતન મંદિરે વિરામ પામી હતી.

બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણ થયું છે.

આ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૭-૫-૨૦૨૨ના રોજ પ્રાર્થના રેસિડન્સી ખાતે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની અને તા. ૧૩-૫-૨૦૨૨ના રોજ અક્ષરધામ સોસાયટી ખાતે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય નગરયાત્રા મહેસાણા શહેરમાં યોજાઈ હતી.

આ નૂતન સંસ્કારધામમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે તા. ૧૧-૫-૨૦૨૨ના રોજ બપોરે ૩ થી ૬ વાગ્યા દરમ્યાન મહેસાણા ક્ષેત્રનાં મહિલાઓનું મહિલા સંમેલન યોજાયું હતું.





મહેસાણામાં અક્ષરધામ સોસાયટી તથા પ્રાર્થના સોસાયટીમાં નવનિર્મિત મંદિરોના પ્રતિષ્ઠા ઉત્સવોની સ્મૃતિછબિઓ.

અહીં પ્રતિષ્ઠિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાની મૂર્તિઓનાં પૂજન-પ્રતિષ્ઠાવિધિ અમદાવાદ ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨-૧૧-૨૦૧૨ના રોજ કર્યો હતો. તેનો સ્થાપનવિધિ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં તા. ૮-૫-૨૦૨૨ના રોજ વેદોક્તવિધિપૂર્વક સંપન્ન થયો હતો.

## મહેસાણાના પરાંવિસ્તારોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પદારવિંદથી પ્રસાદીભૂત થયેલા ઉત્તર ગુજરાતની રાજધાની સમા મહેસાણા શહેરમાં પ્રમુખસ્વામી મહારાજના હસ્તે સન ૧૯૯૪માં શિખરબદ્ધ મંદિર સ્થપાયું ત્યારથી સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહ્યો છે. હરિભક્તો પ્રતિદિન મંદિરમાં દર્શન, ભક્તિ અને સત્સંગનો લાભ લઈ શકે તે હેતુથી શહેરના મોઢેરા રોડ પર આવેલી પ્રાર્થના રેસિડન્સી અને વીસનગર રોડ પર આવેલી અક્ષરધામ સોસાયટી ખાતે નૂતન




મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા ગોંડલમાં તા. ૧૨-૧૧-૨૦૨૧ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૮-૫-૨૦૨૨ના રોજ પ્રાર્થના મંદિર ખાતે અને તા. ૧૪-૫-૨૦૨૨ના રોજ અક્ષરધામ સોસાયટી ખાતે અક્ષરચરણદાસ સ્વામી અને ભગવતપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધિપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે યોજાયેલા પ્રતિષ્ઠા ઉત્સવ સમારોહમાં ૨૨૦૦થી વધુ ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલી સભામાં સંતોએ મંદિરનો વિશેષ લાભ લઈને સત્સંગમાં પ્રગતિ માટે પ્રેરક કથામૃતનો લાભ આપ્યો હતો. આ બંને મંદિરોના નિર્માણમાં કોઠારી કરુણામૂર્તિદાસ સ્વામીએ અને હરિભક્તોએ અથાક પુરુષાર્થ કર્યો હતો. ◆

### પૂજ્ય નીલકંઠસ્વરૂપદાસ સ્વામી, ગઢડા, ઉં.વ. ૪૦, અક્ષરવાસ તા. ૨૧-૬-૨૦૨૨



ગઢડા ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં સેવા આપતા પૂજ્ય નીલકંઠસ્વરૂપદાસ સ્વામીએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે સન ૨૦૦૪માં દીક્ષા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર જયપુર, રાજસ્થાનમાં થોડાં વર્ષો વિચરણ કર્યું હતું અને છેલ્લા આઠેક વર્ષથી ગઢડા વિસ્તારમાં વિચરણની સેવા દ્વારા સત્સંગ પ્રવર્તનનું કાર્ય કરતા હતા. તેઓ શાંત, નમ્ર અને સેવાભાવી સંત હતા. જ્યાં ત્યાં, જેમ તેમ, જેવું તેવું ચલાવી લઈ હરિભક્તોને રાજી રાખવા હંમેશા તત્પર રહેતા. તેઓના અક્ષરનિવાસથી સત્સંગને એક સારા, ગુણિયલ સંતની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### શ્રી ઘનશ્યામભાઈ પાગરાણી, દુબઈ, ઉં.વ. ૭૬, અક્ષરવાસ તા. ૨૩-૫-૨૦૨૨



યુ.એ.ઈ. સત્સંગમંડળના પાયાના હરિભક્ત અને દુબઈના ભારતીય સમાજ તથા સિંધી સમાજના અગ્રણી શ્રી ઘનશ્યામભાઈ પાગરાણી, સન ૧૯૮૫માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પ્રથમ યોગમાં આવ્યા ત્યારથી જ સ્વામીશ્રીની સાધુતા અને તેમના દિવ્ય પ્રેમથી પ્રભાવિત થઈને તેઓના પરમ અનુરાગી સત્સંગી બની ગયા. ત્યારપછી તેઓ અવારનવાર ભારત જઈને પ્રમુખસ્વામી મહારાજના સત્સંગ અને સેવાનો લાભ પ્રાપ્ત કરતા રહ્યા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ ઘનશ્યામભાઈએ વ્યવસાયની સાથે સાથે સત્સંગને પણ એટલું જ પ્રાધાન્ય આપીને ધીમે ધીમે પોતાનું જીવન સત્સંગમય કરવા માંડ્યું હતું. પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ પ્રેમથી ભીંજાઈને તેઓએ પોતાના સમગ્ર પરિવારને તો સત્સંગમય બનાવ્યો હતો, પરંતુ પોતાના પરિચિતોને પણ સત્સંગનો યોગ કરાવ્યો હતો. અબુધાબીના મંદિરનું નિર્માણ હોય કે સંસ્થાનાં નાનાં-મોટાં અન્ય કાર્યો હોય, તેમાં નોંધપાત્ર આર્થિક સેવા કરીને પણ ઘનશ્યામભાઈએ સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. સ્વામીશ્રીના વચને તેઓએ કેટલાય સત્સંગી યુવાનોને વ્યાવસાયિક રીતે મદદ કરીને પગભર કર્યા હતા. સ્વભાવે સાલસ, પરગજુ અને નમ્ર એવા શ્રી ઘનશ્યામભાઈએ દુબઈના સત્સંગવિકાસમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના અક્ષરવાસથી યુ.એ.ઈ.ના સત્સંગમંડળને અપૂરણીય ખોટ પડી છે.

# ચાતુર્માસના વિશેષ નિયમો



**પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ, પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ શતાબ્દી વર્ષે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૧૦-૭-૨૦૨૨ થી કાર્તિક સુદ ૧૧, તા. ૪-૧૧-૨૦૨૨ સુધી આ નિયમોનું પાલન કરીને શ્રીહરિ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞ:** નીચે આપેલાં પુસ્તકોનું ચાતુર્માસ દરમ્યાન વાંચન કરવું.

૧. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજઃ ભાગ-૫ અને ભાગ-૬ (વિસ્તૃત જીવનચરિત્ર) વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું.

૨. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ભક્તરત્નો, ભાગ-૩ અને ૪ વાંચન અથવા 'અક્ષર અમૃતમ્' એપ દ્વારા શ્રવણ કરવું.

૩. નિત્ય વચનામૃત અને સ્વામીની વાતોનો પાઠ અથવા શ્રવણ.

**વ્રત-તપયજ્ઞ:** રોગપ્રતિકારક શક્તિ જળવાય તે રીતે વ્રત-તપ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**ભક્તિયજ્ઞ:** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને સત્સંગી થવા માટે પ્રેરણા આપવી અને તેમને તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા કરતા કરવા.

**દર્શન-શ્રવણયજ્ઞ:** ઓડિયો-વીડિયોના માધ્યમથી પ્રમુખસ્વામી મહારાજનાં પ્રસંગો, આશીર્વચનોનું દરરોજ ૭ થી ૧૦ મિનિટ શ્રવણ. દરરોજ એક ટ્રેક સાંભળવો.

**ગુણકથન યજ્ઞ:** દર અઠવાડિયે સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા અન્ય માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમો:** ઘરસભા કરવીઃ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી યોગયજ્ઞ અંતર્ગત વાંચન, શ્રવણ, દર્શન તથા મનનના જે નિયમો છે તે પ્રમાણે સામૂહિક રીતે ઘરસભામાં ગુરુવાંચન, ગુરુશ્રવણ અને ગુરુમનન કરવું.

● દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું. ● એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા. ◆
















## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે દેશ-વિદેશમાં યોજાયા વિશિષ્ટ કાર્યક્રમો

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે વિશ્વભરમાં વિવિધ પ્રેરક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના એક ભાગ રૂપે તાજેતરમાં મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી યુ.કે.(લંડન), કેનેડા(ટોરન્ટો), યુ.એસ.એ.(રોબિન્સવિલ) ખાતે બી.એ.પી.એસ. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનો શુભારંભ કરવામાં આવ્યો. (૧-૨) ભારતમાં અલગ અલગ યુનિવર્સિટીઓમાં શતાબ્દીના ઉપક્રમે વિશિષ્ટ વિષયો સાથે પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પતા સેમિનારો યોજાઈ રહ્યા છે. આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભાઈકાકા યુનિવર્સિટી ખાતે યોજાયેલા સેમિનારોની સ્મૃતિ છબિ. (૩-૪) શતાબ્દીના ઉપક્રમે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને સંતમંડળે આફ્રિકા ખંડમાં વિચરણ કરીને વિવિધ કાર્યક્રમોમાં લાભ આપ્યો. આ દરમ્યાન પૂર્વ આફ્રિકામાં કેન્યામાં થિકા શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ સ્થાપન વિધિ કરતા પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી. (૫-૬)

Swaminarayan Prakash Gujarati, July-2022, Published on 1-7-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.







**મહાપ્રાસાદિક આંબલીવાળી પોળમાં શતાબ્દી પર્વે ગુરુવર્યોને અંજલિ અર્પતા મહંત સ્વામી મહારાજ**

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જ્યાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા એ મહાપ્રાસાદિક આંબલીવાળી પોળનું નવીનીકરણ થયા પછી, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી પર્વે ગુરુવર્યોનાં ચરણે અંજલિ અર્પવા માટે તાજેતરમાં તા. ૨૪-૬-૨૦૨૨ના રોજ મહંત સ્વામી મહારાજ આંબલીવાળી પોળમાં પધાર્યા હતા. શાસ્ત્રીજી મહારાજના મહાપ્રાસાદિક ખંડમાં પ્રમુખસ્વામી મહારાજને ચાદર અર્પણ કરીને સ્વામીશ્રીએ ગુરુવર્યોનાં ચરણે મંગલ પ્રાર્થનાઓ કરી હતી. નવીનીકરણ પામેલી સમગ્ર પોળ અને હરિમંદિરનું પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સાથે નિરીક્ષણ કરીને સ્વામીશ્રીએ અપાર પ્રસન્નતા વ્યક્ત કરી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas